સંગઠન સંપ સહકાર

**૧૦૮ સંસ્કાર જયોત**

*Website :*
*www.108samaj.org.*
*E-mail : info@108samaj.org.*

**વર્ષ ૭ નં. ૩૫**

*August - 2010*
*Published, Printed & Edited by*
*Shree B. M. Shah on behalft of*
***Shree Jain Visha Shrimali 108 na***
***Gol nu Yuvak Mandal, Ahmedabad.***

**ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| બચુભાઈ એફ. શાહ | – | ધોળાસણ |
| ભૂપેન્દ્ર એમ. શાહ | – | ધિણોજ |
| કપુરભાઈ આર. શાહ | – | લીંચ |
| જયકુમાર સી. શાહ | – | આસજોલ |

| | | |
|---|---|---|
| પ્રમુખ | ભૂપેન્દ્ર એમ. શાહ | ધિણોજ |
| ઉપપ્રમુખ | પ્રવિણ કે. મહેતા | બોરીયાવી |
| મંત્રી | ચંદ્રકાન્ત ટી. શાહ | મોટીદાઉ |
| સહમંત્રી | હર્ષદભાઈ બાબુલાલ શાહ | લણવા |
| ખજાનચી | દિલીપભાઈ સી. મહેતા | છઠીયારડા |

● સંપાદક મંડળ ●
માનદ્ સંપાદક
**ડો. નવિન એસ. શાહ**
● કાર્યકારી સંપાદક ●
**શ્રી સમીર પી. શાહ**
મો. : ૯૮૨૫૦૨૭૮૮૭ (રહે.) ૨૬૬૫૨૫૨૫
*E-mail : samirshah13@yahoo.com*

● સહ સંપાદક ●
**શ્રી વિરલ લાલભાઈ શાહ**
મો. : ૯૮૨૫૧૩૫૪૪૬ (રહે.) ૨૬૬૦૩૪૪૬
*E-mail : viraltraders@gmail.com*

# સંપાદકીય

ગુરુપૂર્ણિમા અષાઢ સુદ-૧૫, ભારતીય સંસ્કૃતિનું એક અદકેરું મહાપર્વ ગુરુવંદના – વ્યાસ વંદનાનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા, આ શુભદિને અનેક ઋષિઓ એ શ્રધ્ધાપૂર્વક ભગવાન વેદ વ્યાસનું પૂજન કર્યું હતું.

ગુરુનું મુખ એ શિષ્યનું સુખ છે. ગુરુની આંખ શિષ્યની શાખ છે. ગુરુની વાણી એ શિષ્યની લહાણી છે. ગુરુનો હાથ એ શિષ્યનો સાથ છે. ગુરુનું મસ્તક એ શિષ્યનું પુસ્તક છે. સદ્ગુરુ પોતાના શિષ્યના મોહ, સંદેહ અને ભ્રાંતિનો નાશ કરે છે. જેમ હોકાયંત્રની સોય હંમેશા ઉત્તર દિશા દર્શાવે છે એમ સદ્ગુરુએ ચીંધેલી આંગળી હંમેશા ઉત્તમ દિશા દર્શાવે છે.

પ્રભુ પાસે પહોંચવાનો રસ્તો વાયા સદ્ગુરુથી જ પ્રાપ્ત થાય છે. જે વ્યક્તિ પાસેથી પ્રેમ, પ્રકાશ અને પરમાર્થ જેવા તત્વો પ્રાપ્ત થાય તે પરમગુરુ છે. જીવનના સંઘર્ષો સફળતાપૂર્વક પાર પાડવા તથા અવિરત યાત્રા ચાલુ રહે તેવા માર્ગદર્શક ગુરુ આપણા સમાજમાં પણ ઉપલબ્ધ છે. ક્યારેક આ પ્રકારના માર્ગદર્શક ગુરુ આપણા પરિવારમાં પણ હોઈ શકે.

આપણું સાચુ ઘડતર પ્રાથમિક શાળાના શિક્ષકોએ જ કર્યું છે. પચાસ રડતાં બાળકો વચ્ચે શાંત મુદ્રાએ સર્વ બાળકોને જીવનનો પ્રથમ એકડો અને મૂળાક્ષર શીખવનાર પ્રાથમિક શિક્ષકનું મૂલ્ય અનમોલ છે. થોડાક સમય અગાઉ, અમારી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન દ્વારા ૪૦-૪૫ વર્ષ જુના તમામ શિક્ષકોની વંદનાના કાર્યક્રમની એક અનેરી અનુભુતિ પ્રાપ્ત થઈ તે પ્રસંગને મારુ સદ્ભાગ્ય ગણું છું.

પ્રભુપ્રાર્થના કરીએ છે કે આપણે સહુ એવા સદ્ગુરુને પામીએ જેના માધ્યમથી આપણે જીવનનું પરમ સત્ય, પરમ તેજ અને પરમ પદને પ્રાપ્ત કરીએ.

# પ્રમુખસ્થાનેથી

આ અંક માટે જ્યારે લેખ લખવાનો વિચાર કર્યો ત્યારે સૌ પ્રથમ જૂન–જુલાઈ દરમિયાન ૩૨ દિવસના અમેરિકાના મારા પ્રવાસના અનુભવો અને સંસ્મરણો વિશે લખવાનું નક્કી કર્યું હતું. પરંતુ ત્યારબાદ ૨૪ જૂલાઈ ૨૦૧૦, અમદાવાદ યુનિ.ના પ્રથમ વાર્ષિક દિને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. અબ્દુલ કલામ સાથે બે કલાક વિતાવ્યા, એમનું પ્રવચન સાંભળ્યું એ સત્સંગ પછી કલામ સાહેબના વિચારોને સૌ જ્ઞાતિબંધુ સુધી પહોંચાડવાનું યોગ્ય લાગ્યું. ૨૧મી સદીમાં ભારતની એમણે જે કલ્પના કરી છે તે સાચે જ એમની દેશદાઝને સચોટ રીતે પ્રતિબિંબિત કરે છે.

એ દિવસે પ્રસંગ હતો અમદાવાદ યુનિ. ના પ્રથમ ફાઉન્ડેશન ડે ની ઉજવણીનો, કલામ સાહેબને વિદ્યાર્થીઓ સાથે સમય પસાર કરવો અતિ પ્રિય છે. વિદ્યાર્થી મિત્રોને જે પ્રકારે સોગંદ લેવડાવ્યા તે સાચે જ ભાવવિભોર કરી દે તેવો અનુભવ હતો. આ અંકમાં અંગ્રેજીમાં જ શબ્દશઃ તે પ્રકાશીત કરેલ છે. સૌએ એ શબ્દોની પાછળનો ભાવ વાંચવાની ખાસ જરૂર છે.

એમના વ્યક્તવ્યનું કેન્દ્રબિન્દુ હતું ૨૧મી સદીમાં નોલેજ સોસાયટીની મહત્તા. માહિતી અને સંચાર ટેક્નોલોજીનો સુભગ સમન્વય થઈ ચૂક્યો છે. એમાં હવે એરોસ્પેસ અને નેનો ટેક્નોલોજી ભળશે ત્યારે જે પરિણામો આવશે તે ૨૧મી સદીને જબરજસ્ત રીતે બદલી નાખશે.

૨૧મી સદીમાં વિશ્વમાં જ્ઞાનની બોલબાલા હશે અને જેની પાસે જ્ઞાન હશે તેને વિપુલ પ્રમાણમાં તકો મળવાની છે. ગઈકાલની દુનિયા અને આવતીકાલની દુનિયામાં જ્ઞાનને કારણે અને વૈશ્વિકરણને લીધે જે બદલાવ આવવાનો છે તે માટે આજની યુનિ. ઓએ સજ્જ થવું પડશે એ એમની સ્પષ્ટ શિખામણ હતી.

જે ગઈકાલે યોગ્ય હતું, સ્વીકૃત હતું એ કદાચ આવતીકાલે નકામું હશે, ફેંકાઈ ગયું હશે. એમણે કેટલાક આવા બદલાવના ઉદાહરણ આપ્યા તે નોંધવા જેવા છે જેમ કે,

- ગઈકાલે કુદરતની સંપતિ એ દેશની તાકાત હતી આવતીકાલે જ્ઞાન એ સૌથી મોટો તાકાત હશે.
- ગઈકાલની નેતૃત્વશક્તિ એટલે આદેશ આપવાનો અને અંકુશ રાખવાનો.

**આવતીકાલની નેતૃત્વકળા એટલે નીચેનાને દોરવણી આપવી અને કાબેલ બનાવવા.**

- ગઈકાલે શેરહોલ્ડરો અગ્રસ્થાને હતા આવતીકાલે ગ્રાહકોનો વારો હશે.
- ગઈકાલે નોકરિયાતો હુકમો માથે ચઢાવતા આવતીકાલે ટીમ નિર્ણયો લેશે.
- ગઈકાલે સિનિયોરીટીની બોલબાલા હતી. આવતીકાલે ક્રિયેટીવીટીએ સ્ટેટસ ગણાશે.

આ તફાવતને ધ્યાનમાં એટલા માટે રાખવાનો જરૂરી છે કે જે દેશ આ બદલાવને વહેલા જાણીને પોતાની શિક્ષણ પધ્ધતિ બદલી શકશે તેને સુપર પાવર બનતા કોઈ રોકી શકશે નહીં. એમના મતે ભારતનું યુવાધન જો બરાબરનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે અને તેને સાચી દોરવણી મળે તો ભારતને સુપરપાવર તરીકે જોવાનું સ્વપ્ન ચોક્કસ સાકાર થશે.

૨૧મી સદીના ભારતની એમની કલ્પના પણ જાણવા જેવી છે. "ભારત–૨૦૨૦" નો એમનો એજન્ડા કાંઈક આવો છે.

**વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારત એવો દેશ બને જ્યાં :**

૧. શહેરી વિસ્તાર અને ગ્રામિણ વિસ્તારની ભેદરેખા લગભગ સમાપ્ત થઈ જાય અથવા સાવ આછી બની જાય.

૨. ઉર્જાશક્તિ અને શુધ્ધ પાણી પુરતા પ્રમાણમાં મળી રહે અને તેની વહેંચણી એકદમ ન્યાયી તથા વ્યાજબી હોય.

૩. ખેતી, ઉધોગો અને સેવાના ક્ષેત્રોમાં સંવાદિતા હોય.

૪. સામાજીક અથવા આર્થિક પ્રતિકુળતાના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ ઉપયોગી અને જરૂરી શિક્ષણથી વંચિત ના રહે.

૫. સૌથી વધારે તેજસ્વી સ્નાતકો, વૈજ્ઞાનિકો અને સંશોધનકારો પોતાની પ્રથમ પસંદગી ભારત પર ઉતારે.

૬. શ્રેષ્ઠ ગુણવતાની તબીબી સેવા સૌ કોઈને મળી રહે.

૭. વહીવટ જવાબદાર, પારદર્શક અને ભ્રષ્ટાચાર વિનાનો હોય.

૮. ગરીબી સંપુર્ણ પણે નાબૂદ થઇ ગઇ હોય, કોઈ અભણ ના રહે, સ્ત્રીઓ અને બાળકો સાથેનો દુર્વ્યવહાર સદંતર બંધ થઈ ગયો હોય અને કોઈ સામાજીક રીતે પછાત ના હોય.

૯. સમૃધ્ધિ, સુખાકારી, સલામતી,ત્રાસવાદથી છૂટકારો, શાંતિ અને સુખ છવાયેલા રહે અને દેશ સતત પ્રગતિના પંથે રહે.

૧૦. અને અંતે ભારત એવો દેશ બને જે દુનિયામાં રહેવા માટેની સર્વશ્રેષ્ઠ જગ્યા બની રહે અને એના નાગરિકોમાં ઉચ્ચ કક્ષાનું સ્વાભિમાન બની રહે.

આપણે સૌ જાણીએ છીએ કે વર્તમાન પરિસ્થિતિમાં આ સ્વપ્ન સાકાર થવામાં ઘણા વિઘ્નો છે. પણ સંતોષની વાત એ છે કે એક સાચા ભારતરત્નને આવું સ્વપ્ન આવે છે એટલું જ નહીં સમગ્ર ભારતના યુવાધનને આ રસ્તે વાળવા એક યજ્ઞ ઉપાડ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ડૉ. કલામે ભારતની ૧૫૦ થી વધારે અને પરદેશમાં ૫૦ યુનિ. મુલાકાત લઈને લગભગ ૩૦ લાખથી વધારે વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠિ કરી છે. એમની ("Ignited Mind") બધાએ ચોક્કસ વાંચવા જેવી છે. બીજી વાતો ઘણી કરી જેનો ઉલ્લેખ પછી ક્યારેક કરીશ. પણ અંતે નેતાગીરીને લક્ષમાં લઈને સાચી લીડરશીપ કોને કહેવાય એ વાત ચોક્કસ નોંધવા જેવી છે. એમની વ્યાખ્યામાં :

૧. લીડર પાસે દીર્ધદ્રષ્ટિ હોવી જરૂરી છે.

૨. વિચારોને અમલમાં મુકવાની સખત ધગશ હોવી જોઈએ.

૩. કોઈએ પગ ન મૂક્યો હોય તેવા રસ્તે જવાની હિંમત જોઈએ.

૪. સફળતા અને નિષ્ફળતા, બંનેને પચાવવાની ક્ષમતા જોઈએ.

૫. નિર્ણયો લેવામાં હિંમત જોઈએ.

૬. વહીવટ હંમેશા ઉમદા પ્રકારે થતો હોય.

૭. પ્રત્યેક નિર્ણય સંપૂર્ણરીતે પારદર્શક હોય.

૮. કામ પણ પ્રામાણિકપણે અને મુલ્યનિષ્ઠાથી કરવું જોઈએ અને સફળતા પણ એજ રસ્તે મેળવવા કટિબધ્ધ હોવા જોઈએ.

એક વાત ચોક્કસ છે કે આવો નેતા મળવો કદાચ મુશ્કેલ છે. અને એ વાત પણ એટલી જ સાચી છે કે સંસ્થા, રાજ્ય કે દેશને આવો નેતા મળે, તો એનો વિકાસ ક્યારેય શ્રેષ્ઠ કક્ષાથી ઉતરતો ન હોય.

અસ્તુ.....

## OATH FOR THE STUDENTS BY DR. A. P. J. KALAM

1. I will have a goal and work hard to achieve that goal . I realize that small aim is a crime.
2. I will work with integrity and succeed with intergrity.
3. I will be a good member of my family, a good member of the society, a good member of the nation and a good member of the world.
4. I will always try to save or better someone's life, without any discrimination of caste, creed, language, religion or state. Wherever I am, a thought will always come to my mind. That is "What can I give ?"
5. I will always protect and enhance the dignity of every human life without any bias.
6. I will always work for clean planet Earth and Clean energy.
7. As a youth of my nation, I will work and work with courge to achieve success in all my tasks and enjoy the success of others.
8. I am as young as my faith and as old as my doubt. Hence, I will light up the, the lamp of faith in my heart.
9. My National Flag flies in my heart and I will bring glory to my Nation.

# CAREER COUNSELLING PROGRAMME

તા. ૦૨-૦૫-૨૦૧૦ના રોજ 'Knowledge Academy, ગુલબાઈ ટેકરા ખાતે મંડળનાં ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કારકિર્દીની પસંદગી કરવામાં વિવિધ અભ્યાસક્રમોની માહિતી ઉપલબ્ધ કરાવવા, તેમાં પ્રવેશ મેળવવાના નીતિ નિયમો તેમજ વિદ્યાર્થી-વાલીઓને આજમાં સ્પર્ધાત્મક વાતાવરણમાં શૈક્ષણિક કારકિર્દી માટે અંજપો અને માનસિક ભારણ (Stress) દૂર કરવા જરૂરી માર્ગદર્શન આપવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સવારે ૧૦ વાગ્યાથી બપોરે૧૨-૩૦ કલાક સુધી ચાલેલ કાર્યક્રમમાં સૌ પ્રથમ મંડળના પ્રમુખશ્રી બી. એમ. શાહે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ Knowledge Academy ના CEO શ્રી મિલનભાઈ, CA, ધો. ૧૨ કોમર્સ પછી CA,CFA,CPF જેવાં Financial Management ને લગતાં અભ્યાસક્રમોની માહિતી આપી હતી અને તેમની Academy દ્વારા આ પ્રકારનાં કોર્ષનું સુંદર Coaching મળી રહે છે તે જણાવ્યું હતું.

ત્યારબાદ શ્રી ડૉ. રોનક શોધન, M.Tech જેઓએ અમેરિકામાં PHD કરીને જનરલ મોટર્સમાં ઉચ્ચ હોદ્દાઓ પર કામ કર્યું છે તેમનું પ્રેરણાત્મક પ્રવચન ખૂબજ હૃદયસ્પર્શી રહ્યું. ધો-૧૦ નાપાસ પછી પણ સફળ કારકિર્દી બનાવી શકાય તે માટે તેઓ સતત શિબીરો યોજી માર્ગદર્શન આપે છે. મંડળના સભ્યોને તેઓ વિના મૂલ્યે આ માર્ગદર્શન આપવાં સંમત થયા છે. વિદ્યાર્થી અને વાલીઓએ શિક્ષણના ભારથી મુક્ત મને અને પોતાની આવડત, રૂચિ અને આંતરિક શક્તિઓને અનુરૂપ કારર્કીદી કેવી રીતે ઘડવી તેનું તેમણે સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

Gujarat Technological University (G.T.U.) ના Vice Chancellor, Admission Committee For Professional & Technical Courses (ACPC) ના Member Secretary, L.D. Eng. College ના પ્રિન્સીપાલ ડૉ. એમ. એન. પટેલ સાહેબ અને Dy. Director Education Dept., Govt. of Gujarat ના શ્રી ગીરીશભાઈ મોઢા, Admission Committee for Medical & Para Medical Courses ના OSD શ્રી ડૉ. પ્રણવ શાહ તથા શ્રી ડૉ. જીગ્નેશ ચૌહાણે વિદ્યાર્થી-વાલીઓ સાથે પ્રશ્નોતરી યોજી હતી તેમાં આ મહાનુભાવોએ વિદ્યાર્થી-વાલીઓને ધો-૧૦ તથા ધો-૧૨ પછી વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ પધ્ધતિ, તથા વિવિધ અભ્યાસક્રમો બાબતે ઉપયોગી માહિતી આપી હતી. તેઓ શ્રીએ ભારપૂર્વક સલાહ આપી છે કે ધો-૧૦ તથા ધો-૧૨ પછી વિજ્ઞાન પ્રવાહમાં મેડીકલ, એન્જીનીયરીંગ વગેરે વિદ્યાશાખાઓમાં પૂરતાં પ્રમાણમાં સીટો તથા કોલેજો ઉપલબ્ધ છે માટે અધિરાઈપૂર્વક વાલીઓએ Self Finance Collage માં અગાઉથી મેનેજમેન્ટ ક્વોટામાં ડોનેશન આપીને એડમીશન નક્કી કરવું નહીં. તમામ વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે ગુજરાતની જ  કોલેજોમાં પ્રવેશ મળશે જ.

આપણાં જ સમાજના સભ્યશ્રી રજનીભાઈ CA વિદ્યાર્થીઓ ધો-૧૨ પછી CAનો કોર્ષ પણ કરી શકે છે. તેની સમજ આપી હતી. CA કરવા માટે કઈ કઈ પરીક્ષાઓ આપવી અને કોચીંગ કઈ રીતે ઉપલબ્ધ છે અને શું ખર્ચ-ફી થાય છે તેની ઉપયોગી માહિતી આપી હતી.

મંડળ ઉપરોક્ત તમામ શિક્ષણ ક્ષેત્રનાં નિષ્ણાંતો અને મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માને છે. ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન કમીટી મેમ્બર શ્રી ઉદય શાહે કર્યું હતું. આ કાર્યક્રમમાં મંડળના મંત્રીશ્રી સી. ટી. શાહ, ખજાનચીશ્રી દિલિપભાઈ શાહ, કારોબારી સભ્યશ્રી કલ્પેશભાઈ, શ્રી સમીરભાઈ, શ્રી અશોકભાઈ,શ્રી સૌરભ, શ્રી વિરલ ઉપસ્થીત રહ્યા હતા. કાર્યક્રમને અંતે સૌએ આઈસક્રીમ માણીને વિદાય થયાં હતાં.

---

**ચાલુ વર્ષની વાર્ષિક  સામાન્ય સભામાં નિર્ણય લેવાયા મુજબ નીચેના છ સભ્યો નો કારોબારીમાં સમાવેશ થયેલ છે.**

(૧) પ્રવીણભાઈ કાંતીલાલ મહેતા (બોરીયાવી)
(૨) બીપીનભાઈ બાબુલાલ શાહ (કૈયલ)
(૩) ઉદયભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ (ધોળાસણ)
(૪) હર્ષદભાઈ બાબુલાલ શાહ (લણવા)
(૫) ગોવિંદભાઈ નટવરલાલ શાહ (લણવા)
(૬) રાજેન્દ્રભાઈ કેશવલાલ શાહ (અંબાસણ)

## ● નોધ ●

- જે પણ સભ્યને પોતાના એડ્રેસ પર પોસ્ટ મળતી ના હોય તેમણે સૌરભ જીતેન્દ્રભાઈ શાહ(કૈયલ) મો. નં. ૯૮૨૪૫૩૧૪૩૧ નો સંપર્ક કરવો.
- આપણા સમાજમાં લગભગ ૧૦૦ મોબાઈલ નંબરો એવા છે. જેમના એસ.એમ.એસ. પરત આવે છે. આપના મોબાઈલ નંબર તેમજ લેન્ડલાઈન નંબર અંકના સ્ટીકરના એડ્રેસમાં છાપેલા છે. જો એમા કોઈ ફેરફાર હોય તો સૌરભ જીતેન્દ્રભાઈ શાહ (કૈયલ) મો. નં. : ૯૮૨૪૫૩૧૪૩૧ ઉપર સુધારો કરાવવો.

# તેજસ્વી વિદ્યાર્થી બહુમાન સમારંભ સાથે ટેલન્ટ ઈવનિંગ

સુજ્ઞ સભ્યશ્રી,

પ્રતિ વર્ષે આપણા મંડળ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓને તેમણે મેળવેલ સિધ્ધિને બિરદાવતા બહુમાન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ બહુમાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આનંદની વાત એ છે કે સભ્યોના અવારનવાર આવતા સૂચનોને અનુસરતા ચાલુ વર્ષે ટેલન્ટ ઈવનીંગનું પણ આયોજન કરેલ છે. આ કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **તારીખ** | **:** | **શનિવાર તા. ૨૮ ઓગસ્ટ ૨૦૧૦** |
| **સમય** | **:** | **રાત્રિના ૮-૩૦ કલાકે** |
| **સ્થળ** | **:** | **એચ. કે. આર્ટસ કોલેજ હોલ, નટરાજ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ** |

આપ સૌ જાણો છો તેમ **શ્રી કાંતિલાલ જેસંગલાલ મહેતા(બોરિયાવી)** પરિવારે સ્વ. તારાબેન કાંતિલાલ મહેતાની સ્મૃતિમાં વિદ્યાર્થી બહુમાન અને ઈનામ વિતરણની યોજનામાં વિશેષ સહયોગ આપ્યો છે. જે અનુસાર આ બહુમાનનો લાભ તેમના પરિવારને આપવામાં આવે છે.

ઈનામ પાત્ર થતા વિદ્યાર્થીઓની યાદી આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવી છે. સૌ વિદ્યાર્થીઓને આ પ્રસંગે હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

- દરેક ધોરણમાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે.

ટેલન્ટ ઈવનીંગ બાબતે નીચેના સૂચનો પર ધ્યાન દોરવામાં આવે છે.

૧. હોલની બેઠક વ્યવસ્થાની મર્યાદાને ધ્યાનમાં લઈને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશપત્ર આપવામાં આવશે.

૨. ઈનામને પાત્ર વિદ્યાર્થીઓને ફ્રી પ્રવેશપત્ર મેળવી લેવાના રહેશે.

૩. પ્રથમ પાંચ હરોળને બાદ કરતા બાકીની બેઠકો ઉપર સીટ નંબર ફાળવેલ નથી જેથી વહેલા તે પહેલાના ધોરણે બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે.

૪. પ્રવેશપત્રના દર નીચે પ્રમાણે રાખવામાં આવેલ છે.

**ગ્રાઉન્ડ ફ્લોર**

| **હરોળ** | **કુલ બેઠક** | **પ્રવેશપત્ર દર** |
|---|---|---|
| A - B | ૪૫ | રૂા. ૧૦૦ |
| C - E | ૮૮ | રૂા. ૭૫ |
| F - M | ૩૦૦ | રૂા. ૩૦ |
| બાલ્કની | ૨૬૬ | રૂા. ૨૦ |

**તારીખ : ૨૦-૮-૨૦૧૦ થી પ્રવેશપત્ર મેળવવાના સ્થળ અને સમય નીચે પ્રમાણે છે.**

### અમદાવાદ શહેર

**શ્રી ત્રિકમલાલ પુંજીરામ શાહ (અંબાસણ)**
**શ્રી અરિહંત એન્ટરપ્રાઈઝ**
૧૩૯૯, રાજા મહેતાની પોળમાં, ટંકશાળ રોડ, કાલુપુર. ફોન : ૨૨૧૬૦૭૩૫
સમય : સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

### પાલડી/વાસણા

**શ્રી વિરલ લાલભાઈ શાહ (ધીણોજ)**
૬, સુરાવલી ફ્લેટ્સ, ૩૩ જૈનનગર, નવા શારદા મંદિર રોડ, પાલડી, ફોન : ૨૬૬૦૩૪૪૬
સમય : રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ સુધી

### સાબરમતી

**શ્રી આર. કે. શાહ**
૪૫, આમ્રકુંજ સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ
સમય : રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ સુધી

### નવરંગપુરા

**શ્રી ઉદયભાઈ ઈન્દ્રવદન શાહ**
૬-૭, પહેલો માળ લેન્ડમાર્ક, એચ.ડી.એફ.સી. બેંક સામે, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ ફોન : ૨૬૫૬૨૫૦૪
સમય : સવારે ૧૧ થી સાંજે ૭

### કૃષ્ણનગર/સૈજપુર

**શ્રી ભાવેશકુમાર રીખવચંદ શાહ (લીંચ)**
એ-૩૩૩, નયનનગર સોસાયટી, કૃષ્ણનગર દેરાસર પાસે, સૈજપુર બોઘા. ફોન : ૨૨૮૪૧૪૬૨
સમય : રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ સુધી

# સંવત ૨૦૬૬ ના સામુહિક તપસ્વી પારણા, બહુમાન અને સાંવત્સરિક ક્ષમાપના સમારોહ

સુજ્ઞ સભ્યશ્રી

ગયા વર્ષે મંડળ આયોજીત સામુહિક તપસ્વી પારણાના કાર્યક્રમને મળેલ સફળતાને ધ્યાનમાં લઈને ચાલુ વર્ષે પણ આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. મંડળના તપસ્વી ભાઈ–બહેનો તપશ્ચર્યામાં ઓતપ્રોત રહે અને એમના પારણાં સંબંધિત સઘળી વ્યવસ્થા મંડળ કરે એ તપશ્ચર્યાની એક પ્રકારે વિશિષ્ટ અનુમોદના જ છે.

આવી વ્યવસ્થાને પરિણામે તપશ્ચર્યા કરવા માટે જ વિચારતા સભ્યો પણ ઉત્સાહપૂર્વક આ પંથે આગળ વધે એવી અમારી શુભ ભાવના રહી છે. આપ સૌના સહકાર અને સદ્‌ભાવ થકી આ આયોજન સફળ રહેશે એવો એમોને વિશ્વાસ છે.

| | | |
|---|---|---|
| સ્થળ | : | સુભારતી પ્રાર્થના ભવન, પાર્ટી પ્લોટ<br>સી. કે. ખડાયતા છાત્રાલય, પાણીની ટાંકી<br>પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ.<br>ટે. નં. ૨૬૪૪૫૪૩૦ |
| શુભદિન | : | રવિવાર, તારીખ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૦ |
| સમય | : | પારણા પ્રારંભ, સવારે ૮-૩૦ કલાકે<br>બહુમાન, સવારે ૧૦-૩૦ થી ૧૧-૦૦ |
| ભોજન | : | ૧૨-૦૦ થી ૧-૩૦ |

● આ કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા આ પ્રમાણે છે. ●

૧. મંડળના સભ્યના પરિવારમાં અઠ્ઠાઈ અને તેથી વિશેષ તપશ્ચર્યા થઈ હોય અને જેનું પારણું ભાદરવા સુદ પાંચમે આવતું હોય તે સૌ તપસ્વી એમના પારણા સામુહિક ધોરણે કરાવવા નામ નોંધાવી શકે છે. આ માટે તપસ્વી ભાઈ–બહેનોએ આ સાથે બીડેલ ફોર્મ સંપૂર્ણ વિગત, ફોટોગ્રાફ તથા સહી સાથે તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૧૦ સુધીમાં કમીટીનાં નીચે લખેલ નામ વાળા કોઈપણ સભ્યને પહોંચાડવાનું રહેશે.

| કમીટી મેમ્બરનું નામ | ગામ | મો. નંબર |
|---|---|---|
| અશોકભાઈ ભોગીલાલ શાહ | છઠીયારડા | ૯૩૭૫૯૭૮૦૩૩ |
| બીપીનભાઈ બાબુલાલ શાહ | કૈયલ | ૯૮૨૫૦૩૨૧૦૬ |
| ડૉ. કેતન વી. શાહ | લીંચ | ૯૩૨૮૨૧૨૧૧૨ |
| ડૉ. નવીન એસ. શાહ | અંબાસણ | ૯૮૨૫૦૨૧૬૮૧ |
| હર્ષદ બાબુલાલ શાહ | લણવા | ૯૮૨૪૦૨૧૬૪૮ |
| હીરેન રાજેન્દ્રભાઈ શાહ | ડાંગરવા | ૯૮૨૫૬૪૬૮૫૪ |
| પંકજ વીસાભાઈ શાહ | લાંઘણજ | ૯૦૯૯૦૯૯૨૦૨ |
| પ્રદિપ અનંતભાઈ શાહ | કંથરાવી | ૯૩૨૮૫૫૮૮૦૮ |
| સમીર પી. શાહ | પાંચોટ | ૯૮૨૫૦૨૭૮૮૭ |
| સીધ્ધાર્થ નીતીનભાઈ મણીઆર | મહેસાણા | ૯૮૨૫૯૭૧૬૭૭ |
| ઉદય આઈ. શાહ | ધોળાસણ | ૯૮૨૫૦૧૫૭૫૬ |
| ગોવિંદભાઈ નટવરલાલ શાહ | લણવા | ૯૮૨૪૦૫૫૪૪૪ |
| સૌરભ જીતેન્દ્રભાઈ શાહ | કૈયલ | ૯૮૨૪૫૩૧૪૩૧ |
| વિરલ લાલભાઈ શાહ | ધીણોજ | ૯૮૨૫૧૩૫૪૪૬ |
| રાજેન્દ્રભાઈ કે. શાહ | અંબાસણ | ૯૮૨૫૭૮૦૩૯૧ |

૨. આપણા મંડળના દરેક સભ્ય તથા પરિવારજન આ પ્રસંગે ઉપસ્થિત રહી શકશે અને પારણા, બહુમાન તથા ભોજન સમારંભમાં ભાગ લઈ શકશે. ભોજન સમારંભના પાસ પારણાંના દિવસે, હોલ ઉપર ફક્ત સભ્યોને આપવામાં આવશે. સમય સવારે ૯–૩૦ થી ૧૧–૦૦ રહેશે.

૩. પારણામાં ભાગ લેવા ઈચ્છતા તપસ્વી આપણા મંડળના સભ્ય સિવાયના મહેમાનોને આમંત્રણ આપી શકશે. આ આમંત્રિત મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે તે માટે વ્યક્તિ દીઠ રૂા. ૭૫ લેખે વધુમાં વધુ ૫૦ પાસ એડવાન્સ આપવામાં આવશે જેની વિગત તપસ્યા નોંધણી માટેના ફોર્મમાં લખી ફોર્મ આપતી વખતે મેળવી લેવાના રહેશે.

૪. પર્યુષણ પર્વના તપસ્વીઓ સાથે વર્ષીતપ, માળ પહેરેલ ઉપધાન, સિધ્ધિતપ અને ૫૦૦ આયંબિલ ૨૦૦૯–૨૦૧૦માં પૂર્ણ થયેલ હોય તેવા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવશે. આ તપસ્વીઓએ પણ સાથે બીડેલ ફોર્મ ભરવાનું રહેશે. પરંતુ તેમની સાથે આવેલ મહેમાનો માટે ભોજનના પાસ અગાઉથી લેવાના રહેશે.

૫. તપસ્વીઓની નોંધણી કરાવવાની અંતિમ તારીખ ૮ સપ્ટેમ્બર, ૨૦૧૦ રાખવામાં આવી છે. (ભગવાન મહાવીર સ્વામીના જન્મદિનની ઉજવણીરૂપ સુપન દર્શનના આ દિવસે સામાન્ય રીતે તપસ્વીના મનમાં તપની ભાવના સુદ્રઢ બની ચૂકી હોય છે.) યોગ્ય વ્યવસ્થા અને આયોજનને સફળ બનાવવા સહકાર આપવા વિનંતી છે.

**ખાસ નોંધ :-**

(૧) સામુહિક પારણા, બહુમાન અને ક્ષમાપનાના પવિત્ર ત્રિવેણી સંગમ જેવા આ પ્રસંગે દાતાઓનો સહયોગ અનુમોદનીય બની રહેશે. પ્રસંગના મુખ્ય લાભાર્થી માટે રૂા. ૪૧,૦૦૦/– નો નકરો રાખવામાં આવ્યો છે. મુખ્ય દાતાશ્રીના પરિવારના હસ્તે પારણા કરાવવામાં આવશે.

**આ ઉપરાંત નીચેની યોજનામાં પણ લાભ લઈ શકાશે**

- **શ્રી ૧૦૮ સમગ્ર સમાજનો સ્વામી વાત્સલ્યનો અનુમોદનીય લાભ રૂા. ૩૧,૦૦૦/-**
- **તપસ્વી બહુમાન દાતાશ્રી રૂા. ૨૧,૦૦૦/-**
- **સંઘપૂજન લાભાર્થી રૂા. ૧૫,૦૦૦/-**
- **પ્રસંગના સંવાહક દાતાશ્રી રૂા. ૫,૦૦૦/-**
- **પ્રસંગના શુભેચ્છક દાતાશ્રી રૂા. ૨,૫૦૦/-**

(૨) આ પ્રસંગે તપસ્વીઓની અનુમોદના સ્વરૂપે પ્રભાવના કરવા ઈચ્છતા સભ્યોએ રૂા. ૧૦૦/– = ૧ આની રૂપે લખાવવાની રહેશે. આ પ્રભાવના અગાઉથી નોંધવામાં આવે તેવી ખાસ વિનંતી છે, જેથી સ્થળ પરની વ્યવસ્થા સચવાઈ રહે.

(૩) આ પ્રસંગે મંડળના સૌ સભ્યો તથા આમંત્રિત મહેમાનોને નમ્ર સૂચન છે કે મંડળ તરફથી રાખવામાં આવેલ જીવદયાની પેટીમાં રકમ અર્પણ કરીને સામુહિક પુણ્યનો લાભ લેવો, જે તપસ્વીઓની સાચી અનુમોદના છે.

(૪) પારણાના દિવસે પારણા કરનાર તપસ્વીની સાથે એક વ્યક્તિને બેસવાની વ્યવસ્થા આપવામાં આવશે.

(૫) આ પ્રસંગે વોલીન્ટીયર યુવકો તથા યુવતીઓની જરૂર પડશે. રસ ધરાવતા યુવકો તથા યુવતીઓ પોતાના નામ કમીટી મેમ્બરશ્રી ઉદયભાઈ, વિરલભાઈ, ને જણાવવા.

**પર્યુષણપર્વ પૂર્વ સૌ સભ્યોને તપધર્મની આરાધના**

**સુખરૂપ થાય તેવી શુભેચ્છા સાથે**

## મિચ્છામિ દુક્કડમ્

| ભૂપેન્દ્ર શાહ | પ્રવિણ મહેતા | ચંદ્રકાંત શાહ |
|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |

---

# તપશ્ચર્યાની નોંધણી માટેનું ફોર્મ

૧. તપસ્વીનું નામ.............................................................

૨. મંડળના સભ્યનું નામ.......................................................

૩. મંડળના સભ્ય સાથે સંબંધ...................................................

૪. તપની વિગત.................................................................

સરનામું.......................................................................

ફોન નંબર (ઘર)................................ (મોબાઈલ)........................................

૫. તપસ્વીની વિશિષ્ટ સિધ્ધિ

...............................................................................................

૬. હોલ ઉપર પારણા કરવાના છે. ? ☐ હા ☐ ના

પારણા કરવા માટે અનુકુળ સમય

☐ ૮.૩૦ ☐ ૯.૩૦ ☐ ૧૦.૩૦

૭. આંમત્રિત મહેમાનો માટે લેવાની પાસની સંખ્યા ☐

૮. કુલ ચૂકવેલ રકમ

૧. પાસના રૂા. ૭૫ લેખે X ................=..................

૨. પ્રભાવના (રૂા. ૧ = ૧૦૦ લેખે) ................=..................

૩. ભેટ =..................

કુલ....................

સભ્યની સહી.................

---

ફોર્મ સ્વીકારનાર કમીટી મેમ્બરનું નામ.........................................................

ફોર્મ સ્વીકારવાની તારીખ :.......................... ફોર્મ સ્વીકારવાનો સમય : ..............................

ફોર્મ સ્વીકારનાર કમીટી મેમ્બરની સહી...............................

# ક્યારેક કરીએ "પિતા"ની વાત !

માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે, પણ ઘરના આ અસ્તિત્વને આપણે ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ?

પિતાનું મહત્વ હોવા છતાં પણ તેના વિષે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું. કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્વ વિશેજ વધારે કહે છે, દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓ એ પણ માતાના ખુબ વખાણ કર્યાં છે. સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે પણ ક્યાય પિતા વિષે બોલાતું નથી.

કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ પણ, સારા પિતાઓ વિષે શું લખાયું છે ?

માતા પાસે આંસુનો દરિયો હોય છે પણ, પિતા પાસે સંયમની દિવાલ હોય છે.

માતા રડીને છૂટી થઈ જાય છે પણ સાંત્વન આપવાનું કામ તો પિતા એજ કરવું પડે છે, અને રડવા કરતા સાંત્વન આપવામાં વધુ મહેનત કરી પડે છે, કારણકે દીવા કરતા દીવી વધારે ગરમ હોય છે ને ! પણ શ્રેય તો હંમેશા દીવાને જ મળે છે. રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે. પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ ?

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકા ભરે છે તે પિતા હોય છે.

માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી, કારણકે નાના ભાઈ બહેનોને સાચવવાના હોય છે. પોતાની માતા મૃત્યુ પામે તો પણ રડી શકતા નથી. ?

કારણ કે બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડી ને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતા એજ કરવાનું હોય છે.

જીજાબાઈ એ શિવાજી ને ઘડ્યા એમ ચોક્કસ પણે કહેવું જોઈએ પણ તે સમયે શાહજી રાજાએ કરેલી મહેનતને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

દેવકી-યશોદાના કાર્યની પ્રશંશા અવશ્ય કરીએ પણ નદીના પુરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિતપણે લઈ જનારા વાસુદેવને પણ મહત્વ આપીએ.

રામ એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે પણ પુત્ર વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા.

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કેઃ

● આપણાં નસીબના કાણા તેના ગંજીમાં પડ્યા છે.

● તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે.

● દીકરા - દીકરી ને નવા જીન્સ લઈ આપશે પણ પોતે તો જુનો લેંઘો જ વાપરશે.

● સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઈને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતાં હોય છે.

● પિતા માંદા પડે ત્યારે તરતજ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડોક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે. કારણકે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી.

● પહોચ હોય કે ન હોય પણ દીકરાને એન્જીનીયરીંગ કે મેડીકલમાં પ્રવેશ અપાવે છે.

● ખેંચ ભોગવીને પણ બાળકોને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે, પણ કેટલાક દિકરાઓ જે તારીખે પૈસા મળે તેજ તારીખે પરમીટરૂમમાં પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેની જ મજાક ઉડાડે છે. પિતા ઘરનું અસ્તિત્વ હોય છે.

જે ઘરમાં પિતા હોય છે, તે ઘર તરફ કોઈપણ ઉંચી આંખ કરીને જોઈ શકતું નથી, કારણકે ઘરના કર્તાહર્તા જીવંત છે.

જો તેઓ કંઈપણ કરતા ન હોય તો પણ મહત્વના કર્તાહર્તા તરીકેના પદ ઉપર હોય છે. અને ઘરના કામ જુવે છે, સંભાળે છે. માતા હોવી અથવા તો માતા હોવાના સત્યને પિતાને લીધેજ અર્થ મળે છે એટલે કે પિતા હોય તો જ.

## WAKE UP !!!

Wake up for your motherland
lump of garbage is on sand
unity you have to mend
make everyone your true friend

be ready to take the pain
kill enmity to protect the man
peace is what we should gain
war is what we should ban

give your voice for your right
stand up yourself, face the fight
stop not, work hard day and night
and let the manhood reach the height

- Devanshi Nrupesh Shah (Kaiyal)

**STD - 3**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | NIKHARV | SHAH VIPUL PRAVINBHAI | RANUJ | 96.63 |
| 2 | HETVI | MEHTA RUPALKUMAR DILIPKUMAR | CHHATIARDA | 95.20 |
| 3 | AARYAN | SHAH VIMAL MANUBHAI | LINCH | 94.93 |
| 4 | HETVI | SHAH YATINKUMAR CHAMPAKLAL | LINCH | 94.89 |
| 5 | SAKSHI | SHAH MEHUL MAHENDBBHAI | AMBASAN | 94.63 |
| 6 | YASH | SHAH JITENDRAKUMAR MANEKLAL | B.VADA | 93.85 |
| 7 | HEET | SHAH HITESHBHAI | | 90.67 |
| 8 | MANN | SHAH JIGNESH RAMESHBHAI | RANUJ | 90.63 |
| 9 | HET | SHAH JAYESHKUMAR MANGADDAS | CHAVELI | 85.80 |
| 10 | RINKY | MEHTA PRIYESHBHAI RAMANBHAI | MEHSANA | 85.08 |
| 11 | SIMONI | SHAH VIRAL LALBHAI | DHINOJ | 85.00 |
| 12 | KHUSHI | SHAH DIVYAPRAKASH SUMTILAL | LINCH | 84.31 |

**STD - 4**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | HENIL | SHAH BHADRESHKUMAR A. | KARJISAN | 96.86 |
| 2 | YOMIL | SHAH PARAG PRAVINBHAI | MOTI DEU | 94.86 |
| 3 | PREYASH | SHAH NEELASH RASIKLAL | SANDER | 94.53 |
| 4 | PRIYA | SHAH DEEPAK SEVANTILAL | RANUJ | 93.00 |
| 5 | HARSH | SHAH NIMESHKUMAR VIJAYKUMAR | PANCHOT | 92.40 |
| 6 | ZEEL | SHAH KALPESH K. | CHANASMA | 92.00 |
| 7 | JAINI | SHAH PARESH CHAMPAKBHAI | RANUJ | 91.38 |
| 8 | YASHVI | SHAH JIGNESH KUMARPAL | NAVLI | 88.55 |
| 9 | KENIL | SHAH BHAVESH VINODCHANDRA | KAIYEL | 82.53 |
| 10 | KHUSHI | M. | | 80.73 |
| 11 | SMITH | SHAH VIJAYKUMAR BABULAL | MODHERA | 80.00 |

**STD - 5**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | ESHA | SHAH RAKESHBHAI ASHWINBHAI | KHARDA | 94.22 |
| 2 | HET | SHAH VIKAS VINODBHAI | KAIYEL | 89.44 |
| 3 | PRINCEY | SHAH ALPESH PRAVINBHAI | CHANASMA | 89.00 |
| 4 | KAIRAV | SHAH ATULKUMAR VRAJLAL | ASJOL | 87.90 |
| 5 | PARTH | SHAH MANOJBHAI VRAJLAL | KANTHRAVI | 84.56 |
| 6 | TIRTH | SHAH KALPESHKUMAR RASIKLAL | LANVA | 84.33 |
| 7 | ANUJ | SHAH PARESHBHAI MAHENDRAKUMAR | AMBASAN | 77.45 |
| 8 | JAINAM | SHAH BHARATKUMAR H. | MODHERA | 79.79 |
| 9 | MOKSH | SHAH DHANESHKUMAR J. | DHOLASAN | 76.50 |
| 10 | SHUBHAM | SHAH VIJAYKUMAR BABULAL | MODHERA | 74.47 |
| 11 | MOKSHA | SHAH DHANESHKUMAR J. | DHOLASAN | 70.00 |

**STD - 6**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | ZEEL | SHAH KIRANKUMAR SEVANTILAL | VADAVALI | 93.78 |
| 2 | PURVANG | SHAH VIPULBHAI | PILUDRA | 93.13 |
| 3 | VEDANSHI | SHAH ATULKUMAR VRAJLAL | ASJOL | 92.27 |
| 4 | SHAILI | SHAH NILESH RASIKLAL | SANDER | 92.00 |
| 5 | MOKSH | SHAH NARESHBHAI D. | PANCHOT | 90.67 |
| 6 | SANJANA | SHAH SANJAYBHAI | KAIYEL | 88.00 |
| 7 | RAJAN | SHAH BHARATKUMAR | | 86.57 |
| 8 | FORAM | SHAH JITENDRAKUMAR MANEKLAL | BHRA.VADA | 86.00 |
| 9 | MISAL | SHAH SAMIR PRAVINCHANDRA | PANCHOT | 83.99 |
| 10 | DHARMIK | SHAH JAYESHKUMAR P. | BOMASANA | 80.56 |
| 11 | DHRUMIK | SHAH JAYESHKUMAR P. | BOMASANA | 76.78 |
| 12 | FORAM | SHAH JAYESH MANGALDAS | CHAVELI | 71.18 |
| 13 | RESHIL | SHAH DHAVAL | | 70.18 |

**STD - 7**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | KRINA | SHAH SURESHKUMAR C. | SANDER | 94.00 |
| 2 | SHAHIL | SHAH UMESHBHAI | CHANASMA | 93.38 |
| 3 | DHRUVI | SHAH CHANDRESHKUMAR BABULAL | CHANASMA | 92.00 |
| 4 | DHARMIN | SHAH DINESHBHAI SURAJMAL | VADAVALI | 90.22 |
| 5 | PREKSHA | SHAH PRADIPKUMAR MANEKLAL | BHRA.VADA | 88.89 |
| 6 | MAHIMA | SHAH JITENDRA SUMTILAL | DHOLASEN | 85.30 |
| 7 | SHASHVAT | SHAH YATISHKUMAR | CHANASMA | 83.82 |
| 8 | PARTH | SHAH SHASHIKANT RASIKLAL | SANDER | 82.67 |
| 9 | DHRUVI | SHAH RAJESHKUMAR SEVANTILAL | VADAVALI | 79.33 |
| 10 | HARSH | SHAH PRANAVBHAI MAFATLAL | KANTHRAVI | 76.89 |

**STD - 8**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | MANSI | SHAH MAHENDRABHAI AMRUTLAL | VADAVALI | 96.10 |
| 2 | HITARTH | SHAH DARSHANBHAI ASHWINBHAI | KHARDA | 88.33 |
| 3 | KARAN | SHAH VIMAL MANUBHAI | LINCH | 86.10 |
| 4 | TWINKLE | SHAH MANOJBHAI VRAJLAL | KANTHRAVI | 79.50 |
| 5 | RAHIL | SHAH VIPUL D. | PILUDRA | 74.29 |
| 6 | SARTHAK | SHAH MOHIT VINODCHANDRA | LINCH | 72.00 |
| 7 | JINAY | SHAH CHANDRAKANT BABULAL | CHANASMA | 70.80 |

**STD - 9**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | PARTH | SHAH BHARATBHAI SEVANTILAL | DHOLASEN | 86.71 |
| 2 | VISHWA | MEHTA MAHESHKUMAR BABULAL | BORIYAVI | 83.57 |
| 3 | RUTUL | SHAH VINODKUMAR DHULIDAS | LINCH | 76.56 |
| 4 | RAHIL | SHAH RASHMIKANT BHAILALBHAI | CHANASMA | 71.60 |
| 5 | DHWANI | SHAH PRANAVBHAI MAFATLAL | KANTHRAVI | 70.14 |

**STD - 10**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | JALADHI | SHAH VINOD C. | | 93.10 |
| 2 | ZIL | SHAH NIMESHKUMAR VIJAYKUMAR | PANCHOT | 92.92 |
| 3 | YASH | SHAH VIKRAM MANUBHAI | LINCH | 91.69 |
| 4 | YASH | SHAH KAMLESH | KANTHRAVI | 91.20 |
| 5 | RUTUL | SHAH NAYANKUMAR MANILAL | KAIYAL | 90.92 |
| 6 | JAINAM | SHAH VIRENDRABHAI AMBALAL | MODHERA | 89.85 |
| 7 | FORAM | SHAH RASHMIKANT BHAILALBHAI | CHANASMA | 89.38 |
| 8 | MANTHAN | SHAH HARSHADKUMAR M. | CHATIYARDA | 88.31 |
| 9 | ISHANI | SHAH DILIPKUMAR BABULAL | LANGHNAJ | 86.15 |
| 10 | JINALI | SHAH MAHENDRABHAI AMRUTLAL | VADAVALI | 86.15 |
| 11 | RAJVI | MEHTA CHANDRAVADAN C. | CHATIYARDA | 85.54 |
| 12 | YESHA | SHAH YATISHKUMAR SURAJMAL | CHANASMA | 85.08 |
| 13 | DHRUVIL | SHAH BHADRESHKUMAR A. | KARTHUSAN | 84.31 |
| 14 | RUCHITA | SHAH SANJAY R. | LINCH | 83.69 |
| 15 | SHRUJAL | SHAH ALPESH TRIKAMLAL | AMBASAN | 83.23 |
| 16 | RIA | SHAH SAMIR PRAVINCHANDRA | PANCHOT | 81.54 |
| 17 | PARTH | SHAH SHAILESHKUMAR S. | MODHERA | 80.15 |
| 18 | PARAS | SHAH RAJESHKUMAR JAYANTILAL | VADAVALI | 80.00 |
| 19 | RIHEN | MEHTA SHASHIKANT KANTILAL | NAVLI | 79.69 |
| 20 | NIMANI | SHAH BHAVESHKUMAR R. | LINCH | 78.92 |
| 21 | DEVANG | SHAH KUMARPAL POPATLAL | CHANASMA | 77.85 |
| 22 | ANSHI | SHAH SANJAY M. | KANTHRAVI | 76.77 |

**STD - 12th. Comm.**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | BHOOMI | SHAH VIKRAMBHAI BABULAL | KAIYAL | 91.57 |
| 2 | LABDHI | SHAH VIRENDRA | | 87.00 |
| 3 | DHAVAL | SHAH DINESHKUMAR SURAJMAL | VADAVALI | 85.14 |
| 4 | KHYATI | SHAH RAJESHBHAI BHAILALBHAI | CHANASMA | 84.14 |
| 5 | HETA | SHAH SHASHIKANT RASIKLAL | SANDER | 83.86 |
| 6 | PRIYAL | SHAH PARESHBHAI MANILAL | NANDASAN | 83.86 |
| 7 | KHUSHBU | SHAH BHARATKUMAR H. | MODHERA | 83.14 |
| 8 | SHRUTI | SHAH ALPESH TRIKAMLAL | AMBASAN | 81.43 |
| 9 | VIRAJ | SHAH HITESHBHAI CHINUBHAI | RASAM | 81.43 |
| 10 | SAMEET | SHAH PRADEEPBHAI | KANTHRAVI | 80.29 |
| 11 | SALONI | SHAH MAHENDRABHAI AMRUTLAL | VADAVALI | 80.29 |
| 12 | SIDDHI | SHAH RAMESHCHANDRA BABULAL | LINCH | 78.14 |
| 13 | AKSHAY | SHAH DIPAK MANSUKHLAL | LINCH | 78.00 |

**STD - 12th. Science**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | PARTH | SHAH URMISHBHAI SEVANTILAL | LANVA | 83.08 |
| 2 | HARSHIL | SHAH MAHENDRAKUMAR C. | V. FINCHAL | 72.31 |
| 3 | DHRUV | SHAH SHREYASBHAI | | 71.23 |

**B. Com.**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | JAINAM | SHAH SURESHBHAI AMRATLAL | LINCH | 62.33 |
| 2 | RIDDHI | SHAH PARESHBHAI MANILAL | NANDASAN | 57.56 |
| 3 | BINAL | SHAH RASHMIKANT RASIKLAL | SANDER | 57.33 |

**B. D. S.**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | PRANAV | SHAH NIRMALBHAI | LINCH | 59.36 |

**B. Pharm**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | MOHANISH | SHAH MAHENDRAKUMAR C. | V. FINCHAL | 72.07 |

**B. Sc.**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | CHIRAG | SHAH SAKARCHAND BABULAL | LANGHNAJ | 65.62 |

**BAMS**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | UKTI | SHAH VIRESHKUMAR S. | NANDASEN | 60.28 |

**BE EC**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | SAUMIL | SHAH JITENDRA VASANTLAL | CHANASMA | 75.80 |
| 2 | KRUPEN | SHAH DILIPKUMAR BABULAL | LAGHNAJ | 71.00 |

**DIPLOMA IN PLASTIC ENG**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | SIDDHARTH | SHAH TEJPALBHAI DALSUKHBHAI | MODHERA | 77.80 |

**MA**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | DHARA | SHAH NARENDRABHAI BABULAL | CHANASMA | 45.38 |

**M. PHAM**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | MITTAL | SHAH VINODKUMAR DHULIDAS | LINCH | 73.64 |

**B. ED**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | BHAVIKA | SHAH SURESHBHAI | | 74.86 |

**BCA**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | KRIMA | SHAH NIKUNJKUMAR CHAMPAKLAL | SURAJ | 69.83 |

**ME CIVIL ENG**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | DARSHAN | SHAH AJAYKUMAR SHANTILAL | SAMETRA | 64.58 |

# નોલેજ સોસાયટી અને જૈનો

૨૧મી સદીને નોલેજ–એજ – 'જ્ઞાનયુગ' ની સંજ્ઞા આપવામાં આવી છે. ખાસ કરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના આવિષ્કારને કારણે આ સદીને ઈન્ફોર્મેશન એજ(માહિતીયુગ) કે ઉપર કહ્યા પ્રમાણે જ્ઞાનયુગ તરીકે ઓળખવવાનું અનિવાર્ય થઈ પડ્યું. માહિતી વિજ્ઞાન અર્થાત્ 'ઈન્ફોર્મેશન સાયન્સ' અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એટલાં બધા મહત્ત્વનાં બની ગયાં છે કે એમને આપણી જીવનની 'ધોરીનસ' અથવા જીવન–રૂધિર તરીકે વર્ણવવામાં આવે છે. અહીં માહિતી વિજ્ઞાન અને માહિતી ટેકનોલોજીનાં કમ્પ્યુટર્સ જેવાં ઉપકરણો બન્ને જીવનના વ્યવહાર, દૈનિક જીવનની શૈલી માટે હવે અવિભાજ્ય બની ગયાં છે એમ સૂચવવાનો ઉદ્દેશ છે. ઈન્ફોર્મેશન સાયન્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી માનવ સમાજના દરેક ક્ષેત્રને બદલી નાખશે, દરેક ક્ષેત્રનાં પેરેડિગ્મ બદલાઈ રહ્યાં છે અને એનો અનુભવ છેક અંતિમ છેડે બેઠેલો આમ આદમી પણ અનુભવી રહ્યો છે 'ઈન્ફોરમેશન' કેવળ ૨૧મી સદીનો જ જીવન મંત્ર બની રહેશે એટલું કહેવું પર્યાપ્ત ન હોય તેમ ૨૧મી સદીના પ્રથમ ચરણથી શરૂ થયેલું આખું, આ ત્રીજું સહસ્ત્રાબ્દ 'થર્ડ મિલેનિયમ'– જ્ઞાથાશ્રિત સમાજના ઉદ્‌ભવ માટેનું પ્રથમ મિલેનિયમ બની રહેશે જે માનવજાતિના હાલના સમ્રગ સ્વરૂપને એક અભિવન–નૂતન પરિણામ આપી બદલશે અને વૈશ્વિક ઉત્ક્રાંતિના નવા સોપાને લઈ જશે.

આપણે આવા નોલેજ(જ્ઞાન) યુગમાં જીવવાનો પ્રથમ અનુભવ લઈ રહ્યા છીએ એ દૃષ્ટિએ આપણે, ખાસ કરીને આપણી નવી પેઢીએ પોતાનું સ્થાન, પ્રદાન અને મહત્વ સમજવું જોઈએ.

ખાસ કરીને 'જૈનો' માટે એક વિશેષ પરિમાણ યા સંદર્ભ અહીં વિચારણીય હોઈ પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો છે. 'ઈન્ફોર્મેશન' અને 'નોલેજ' આ બન્ને અંગ્રેજી શબ્દો ઘણીવાર 'જ્ઞાન' ના ગુજરાતી પર્યાય માટે યોજાય છે, હકીકતમાં ઈન્ફોર્મેશનએ 'માહિતી' ના અર્થમાં અને 'નોલેજ' શબ્દ 'જ્ઞાન'ના અર્થમાં યોજાય છે. બન્ને વચ્ચે ગુણાત્મક દૃષ્ટિએ ઘણો મોટો ભેદ છે એ વિશે ચર્ચા અસ્થાનો છે, પરંતુ એટલી નોંધ કરીને આપણે આગળ વધીશું કે આપણી ભારતીય જ્ઞાન–મીમાંસામાં 'માહિતી' એટલે 'જ્ઞાન' એવો સીમિત–સંકીર્ણ બૌધ્ધિક અર્થ નથી 'જ્ઞાન' ભારતીય ધર્મ, ઈતિહાસ, સંસ્કૃતિ અને કળાઓની અતિ દીર્ઘ સમયથી ચાલી આવતી પરંપરાઓમાં સાર્વભૌમ અને સર્વોપરિ સ્થાને છે. આત્મજ્ઞાનને જ અથવા અધ્યાત્મ જ્ઞાનને જ આપણે સર્વોચ્ચ જ્ઞાન માન્યું છે એ જ સર્વવ્યાપક, નિરપેક્ષ અને મુક્તિદાયક છે, એ સત્ય આપણે અફર શ્રધ્ધાથી સ્વીકારીને– અંગીકૃત કરીને જ ચાલ્યા છીએ. જૈન પરંપરાએ સમ્યક્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એવા ભેદ કરીને સમ્યજ્ઞાનને ઉપકારક ગણી, મિથ્યાજ્ઞાનનો ત્યાગ કરવા આગ્રહ સેવ્યોએ, અને છેક 'કેવલ જ્ઞાન'ના આ દર્શન ને માનવ જીવનના પરમોચ્ચ આદર્શ તરીકે સ્વીકાર્યો છે.

જૈન ધર્મમાં જ્ઞાનના પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે એ આપણને સુવિદિત છે. જૈન ધર્મની જ્ઞાન–ચર્ચા ઘણી સૂક્ષ્મ, ગહન અને તાત્ત્વિક છે. છેક પૂ. ભદ્રબાહુ વિરચિત આવશ્યક–નિવૃત્તિથી શરૂ થઈ ભાષ્ય, ચૂર્ણિવૃત્તિ વગેરે અનેક ગ્રંથોમાં આપણા પ્રકાંડ મુનિ ભગવંતોએ જ્ઞાનના સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્કંધને અવલોકી ઘણી વિશાળ અને આત્માના – ચૈતન્યના સહજ ધર્મ તરીકે 'જ્ઞાન' ની ચર્ચા કરેલી જોવા મળે છે. જે છેક ઈ.સ. પૂ.ની ત્રીજી શતાબ્દીથી ઈ.સ.ની ઓગણીસમી સદી પર્યન્ત વિકસતી રહી છે.

જૈનોએ સરસ્વતીને શ્રુતદેવતા અને 'ભગવતી' તરીકે સ્વીકારી એના વાહન તરીકે માત્ર મયૂરને જ નહીં હંસને પણ ગણાવી એમની ઊંડી જ્ઞાન–સૂઝ–દૃષ્ટિનો પરિચય કરાવ્યો છે, કારણ કે 'હંસ' જે નીરક્ષીર યા સત્યા/સત્યનો વિવેક કરી જાણે છે. મયૂર સૌન્દર્ય અને કળાની સર્જનાત્મક બુધ્ધિનો પરિચય આપે છે તો હંસ પરમશ્રેયસ્‌ને પામવા જરૂરી ઊંચી કોટિની વિવેકબુધ્ધિનો પરિચય આપે છે.

જૈનોએ કારતક સુદ–૫ ને 'શ્રુત પંચમી' યા જ્ઞાનપંચમી તરીકે ઉજવવાનો એક ઘણો ઉત્કૃષ્ટ ચીલો– સંસ્કાર–પાડ્યો છે. એ દિવસે જ્ઞાનનું પૂજન અર્ચન, પુનઃ સંસ્કરણ, પુનર્ગઠન અને પરિમાર્જન કરવાનો ઉદ્દેશ એની ઉજવણીમાં રહ્યો છે. આજ પર્યન્ત અખંડ રીતે જ્ઞાનપંચમી ઉજવાતી આવે છે. એવો જ ભગવાન મહાવીરના પ્રધાન ગણધર શ્રી ગૌતમ સ્વામીને કેવલજ્ઞાન પ્રાપ્ત થયાનો અને ભગવાન મહાવીરના પરમનિર્વાણ–કલ્યાણકના દિવસને દિવાળીનો– 'દીપ પ્રાકટ્ય'ના ઉત્સવ તરીકે ધામધૂમથી ઉજવવાનો પરમ આહલાદક ઉત્સવ જૈનો ઉજવે છે એ જ દિવસે 'શ્રુતદેવતા'નું શારદાપૂજન કરે છે.

આ બન્ને મંગલમય ઉત્સવના દિવસો 'ઉત્સવ ખાતર ઉત્સવ' ના દિવસો નથી. પરંતુ જૈન સંસ્કૃતિની સર્વોચ્ચ જ્ઞાન–સાધનાના પ્રમાણરૂપ ઉત્સવો છે, જે સમગ્ર માનવજાતિને જ્ઞાનના પ્રકાશનો મહીમા પ્રત્યેક વર્ષે પુનઃ પુનઃ કહેતા રહે છે. દીપોત્સવીનો તહેવારનો સમગ્ર ભારત ઉજવે છે– પરમ હર્ષોલ્લાસથી, કારણ ભારતીય સમાજ જ્ઞાનાશ્રયી સમાજ

તો છે જ એથી વિશેષ એ જ્ઞાનને જીવનના પરમ મૂલ્ય, કહો કે અંતિમ મૂલ્ય તરીકે પૂજે છે– ભારતના સર્વ ધર્મો આત્મજ્ઞાનને જ આપણો સર્વોચ્ચ પુરુષાર્થ જ નહીં પણ અંતિમ–પ્રાપ્તિ, –લક્ષ્ય પણ ગણાવે છે, તેથી ભારતીય સમાજ તો 'જ્ઞાન–સમાજ' 'નોલેજ–સોસાયટી'–છે જ એવું શ્રી એ. પી. જે. અબ્દુલકલામનું વિધાન યથાર્થ જ છે.આવા જ્ઞાન–સમાજ માટે હવે પછીની જ્ઞાન–શતાબ્દી કે જ્ઞાન–સહસ્રાબ્દિ કેવી બની રહે?– જે આપણી સંસ્કૃત્તિના સ્વભાવમાં જ છે, જે આપણા દૈનિક જીવનની શૈલીમાં વણાયું છે એ જ હવે આપણા સમગ્ર માનવ જાતિના વૈશ્વિક જીવનના કેન્દ્રમાં આવ્યું છે ! આપણે એને એક મહાન સાંસ્કૃતિક વિજય તો ગણાવી શું જ, પરંતુ એના મિથ્યાભિમાનમાં રાચ્યા સિવાય એને આપણા સાચા પરમ વિકાસની વિધિએ– આપેલી તક–તરીકે સમુચિત શબ્દોમાં કહીએ તો 'પરમ સુયોગ' તરીકે કેવી રીતે આવકારીશું એનો વિચાર કરીશું.

જૈનોએ પોતાનાં તમામ પ્લેટફોર્મ્સ/મંચ, મંડળ અને સંગઠનો, સમ્પ્રદાયો કે પીઠોમાં આ વિચારને અગ્રીમતા અને પ્રાથમિક્તા આપવાની આવશ્યકતા છે, કારણકે જૈનો પાસે એવો જ્ઞાનનો ભવ્ય વારસો છે, એટલું જ નહીં પૂર્વગ્રહ રહિત સેક્યુલર– સર્વ સમભાવસમાહિત દ્દષ્ટિ છે. જૈનોએ અસંખ્ય ગ્રંથ ભંડારોમાં લાખ્ખો હસ્તલિખિત પ્રતોના સ્વરૂપમાં રચાયેલું શતાબ્દીઓની સાધનાથી ઉપલબ્ધ 'શ્રુતજ્ઞાન' કોઈપણ પ્રકારની સામ્પ્રદાયિક દ્દષ્ટિ રાખ્યા સિવાય જીવના જતનથી સાચવ્યું છે. એ ગ્રંથ ભંડારોને એમણે 'સરસ્વતી ભંડારો'નું નામ આપ્યું છે. એની પાછળ દેવર્ધિક્ષમાશ્રમણ ભગવંતથી માંડી ગુજરાતના પૂ. પુણ્યવિજયજી સુધીના અનેકાનેક સાધુ ભગવતંતોનો અપાર અને અથાક પરિશ્રમ પડેલો છે. આપણે આ અતીતની વિરાસતને સમજી–સાચવી નવી આધુનિક ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ઈન્ફોર્મેશન સાયન્સને અપનાવીશું. એનાથી આપણો અનન્ય અને અસાધારણ વિકાસ થશે કારણકે ડહાપણ અને માહિતી બન્ને મળે છે, એટલે કે સમ્યક્જ્ઞાન/પ્રજ્ઞા કહો કે અને વિજ્ઞાનદ્રષ્ટિયુક્ત માહિતી–શાસ્ત્રનો સમન્વય થાય છે ત્યારે ભાગ્યે જ કોઈ નિર્ણય ખોટો પડે છે. આજે વિજ્ઞાનમય(માહિતી આધારિત) વિકાસ આપણે માટે શ્રાપ થઈ પડ્યો છે. આખા યુરોપને અને હવે સમગ્ર દુનિયાને એની કેટલી મોંઘી કીંમત ચૂકવવી પડે છે એ કોઈને હવે કહેવાની જરૂર રહી નથી એનું કારણ છે ડહાપણ–પ્રજ્ઞા, આત્મજ્ઞાન વિનાનું જ્ઞાન–કેવળ ઈન્ફોર્મેશ! પરન્તુ આપણે ઈન્ફોર્મેશન ટેકનોલોજી જે પ્રકાશનું ગણિત (બાયનરી મેથ્સ) લઈને આવી છે જે હવે પછી આપણા 'હાથ–પગ' અને '(બ્રેઈન)' – મસ્તિષ્ક પણ બની રહેવાની છે એમાં આપણે ડહાપણ/સાચું જ્ઞાન–વિવેકયુક્ત જ્ઞાન યા – પ્ર.જ્ઞા ને ઉમેરીશું. આપણો સમગ્ર ભારત 'જ્ઞાનાશ્રયી સમાજ' હોવા છતાં, જ્ઞાનનો અતિ સમૃધ્ધને વિપુલ વારસો હોવા છતાં શતાબ્દીઓ સુધી દીન,હીન, નિરૂપાય, કંગાલ અને પરાધીન કેમ બની રહ્યો ? ભૌતિક જીવનને શક્તિ સમ્પન્ન બનાવ્યું નહીં, એની ઉપેક્ષા કરી, એનુ કારણ છે એની તરફ જે યુગબળોને કારણે આપણે ભારે લા–પરવાહ રહ્યા એ ! આજે ભૌતિક જીવનને સુસમ્પન્ન બનાવવાની તક આપણને સાંપડી છે. વધુ સારી રીતે કહીએ સમર્થ ભૌતિક જીવન જ આપણા આધ્યાત્મિક યા આત્મજ્ઞાનના 'સરસ્વતી' – વારસાને બચાવવાની શક્તિ આપણને આપશે. અહીં 'સમર્થ' નો અર્થ બાહુબળ યા ભૌતિક સંપત્તિથી 'સમર્થ' એવો અર્થ થતો નથી, પણ 'જ્ઞાન' યા 'પ્રકાશ' થી સમર્થ ! સાચું સામર્થ્ય પ્રકાશથી 'જ્ઞાન' થી આવે છે – પ્રજ્ઞા અને ડહાપણથી આવે છે– બાહ્ય વિજય–પરાજય એની પારાશીશી હોતાં નથી

બાહુબળ અને સંપત્તિ–બળનો મધ્યકાલીન યુગ આથમી ગયો હવે પ્રજ્ઞાયુક્ત વિજ્ઞાનનો યુગ આવી રહ્યો છે – જૈનોને અને સમગ્ર ભારતને પૂર્વજોની અખંડ જ્ઞાન–સાધનાને કારણે એ પ્રજ્ઞાન વારસામાં મળ્યું છે એનાથી આપણે સમગ્ર જગતને સાચા 'સામર્થ્ય' અને 'ડહાપણના પ્રકાશ'નો મર્મ સમજાવી શકીશું. આપણે ભૌતિક જીવનમાં પ્રવર્તતી દરેક ક્ષેત્રની વિદ્યામાંથી કોઈને કોઈ વિદ્યા શીખીશું. નૂતનતાશોધક બુધ્ધિ કે સર્જનાત્મકતા દ્વારા એનો ભૌતિક આર્થિક અને પારમાર્થિક ક્ષેત્રમાં વિનિયોગ કરી લેવાનું શીખીશું. જૈનો 'નોકરી યાચક' લોકોનો સમાજ નથી, 'નોકરીઓના સર્જક'લોકોનો સમુદાય છે. જેમ 'પારસી' –લોકોના સમાજ છે એટલે કેવળ 'નોકરી'– 'સેવા' કે 'વ્યવસાયી' બુધ્ધિથી નહીં પણ "સેવા અને વ્યવસાય સર્જક" જ્ઞાનબુધ્ધિથી આપણે દરેક નાના મોટા, પ્રતિષ્ઠિત યા અલ્પ પ્રતિષ્ઠિત ક્ષેત્રની કામગીરીને ટેકનોલોજી અને માહિતી વિજ્ઞાનના સ્પર્શથી નવો ઘાટ આપી વૈજ્ઞાનિક બનાવીને સમાજને ચરણે ધરીશું.

વિશ્વમાંગલ્ય અને વિશ્વકલ્યાણની સર્વતોમુખી ભાવના ધરાવતા જૈનો માટે તો આ 'ધર્મકર્તવ્ય' છે. – ધર્મનું આચરણ કરવાનો અમૂલો અવસર) આ 'જ્ઞાનાશ્રયી–સમાજ' અર્થાત નોલેજ એજ દ્વારા આપણને સાંપડ્યો છે– એને સમજીએ– સ્વીકારીએ !

છેલ્લે રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોનું સ્મરણ કરી અહીં વિરમીશું.

વિજ્ઞાનને આપણે આવકારીશું–અપનાવીશું

જરૂર પણ આપણું સર્વોપરિ નિયામક સારથિપદ

તો સંભાળશે પ્ર–જ્ઞાન જ ! '(પ્રજ્ઞા) '

**ડો. દિનુભાઈ શાહ**

## શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું યુવક મંડળ આયોજીત દ્રિતિય તપસ્વી પારણા-બહુમાન પ્રસંગે દાતાજનોને હાર્દિક અપીલ

પ્રિય જ્ઞાતિ બંધુઓ જે સમયનો આપણે સર્વે શ્રધ્ધાપૂર્વક રાહ જોઈ રહ્યાં હતા તે સમય અત્યારે શરૂ થઈ ચૂક્યો છે. ચોમાસાની આરાધના ઘરે-ઘરે ચાલુ થઈ ગયેલ છે. પૂજ્ય આચાર્યદેવો,સાધુઓ તથા સાધ્વીજી ભગવંતોના ચોમાસાના પ્રવેશ પૂર્ણ થઈ ચૂક્યાં છે.

માનનીય પ્રમુખશ્રીની રાહબરી હેઠળ અમો કમીટીના સભ્યોએ ગયા વર્ષ, પ્રમુખશ્રીના વિચારોને વેગ આપીને, પર્યુષણ પર્વ નીમીત્તે આપણી જ્ઞાતી ૧૦૮ સમાજના બધા જ નાના-મોટા તપસ્વીઓને સમુહ પારણાં કરાવવાનો એક વિચાર જ્ઞાતિના સભ્યો સમસ્ત મૂકેલ- અમારા આ વિચારોને જ્ઞાતીબંધુઓ એ ઉત્સાહપૂર્વક અને સહજતાથી સ્વીકારેલ. અમારા આ ધ્યેયને સ્પષ્ટ કરવા અમોને પ્રસંગ માટેનો દોરીસંચાર તથા ફંડની જરૂર પડી. ગયા વર્ષે અમારે મન બજેટ તથા પ્રસંગ કેવી રીતે કરવો તે એક અગત્યનો મુદ્દો હતો. જ્ઞાતિબંધુઓ સામે અમે હાકલ નાંખી, બધા જ ભાઈઓનો અમને પ્રેમપૂર્વક જોરદાર સહયોગ મળ્યો. જે અમારા માટે અવિસ્મરણીય છે. પ્રસંગ કેમ કરવો તેની રૂપરેખા ૧૦૮ના મંડળના સીનીયર હોદ્દેદારો તથા કમીટી ભેગા મળીને નક્કી કર્યો. સમુહ પ્રયત્ન વગર આ કામ અશક્ય હતું. કાર્યકરોની અત્યંત આવશ્યકતા હતી. સમાજના યુવાન તેમજ યુવતીઓ વગર આ કાર્ય મુશ્કેલ જ નહી પણ અસંભવ હતું. હાકલ નાંખવાથી અનેક યુવકો તથઆ યુવતીઓએ સેવા આપવા તૈયારી બતાવી. છેલ્લે તો યુવાન કાર્યકરોનો એક મોટો સમૂહ આ પ્રસંગને દીપાવવા સજ્જ થઈ ગયો. ખરેખર જ્ઞાતિબંધુઓના ઉપર મુજબના સુંદર સહકારથી જ ગઈ સાલ આ કાર્ય શક્ય બન્યું. ડોનેશન દ્વારા મદદ કરનારની સંખ્યા પણ અચંબો પમાડે તેવી હતી. ઉપર મુજબ નામી-અનામી જે કોઈ વ્યક્તિએ સહયોગ આપ્યો છે તેનો અંત:કરણ પૂર્વક આભાર માનીયે છીયે.

આ વર્ષે પણ શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ ના ગોળનું યુવક મંડળ આયોજીત સમુહ તપસ્વી પારણા-બહુમાન-ક્ષમાપના સમારંભના આયોજનનો વિચાર કરેલ છે. ઉપરોક્ત પ્રસંગને ગઈ સાલ જેવો જ યાદગાર બનાવવા માટે સર્વે જ્ઞાતિબંધુઓનો અમો ગયા વર્ષ જેવો જ તન-મન-ધનનો સહયોગ માંગીએ છીયે. આપ સર્વે વધુને વધુ સંખ્યામાં આપનો યોગદાન આપો તેવી અંત:કરણપૂર્વકની ઈચ્છા.

## પ્રથમ સામુહિક પારણાના દાતાશ્રીઓના નામ

**● મુખ્ય દાતાશ્રી ●**

| | | |
|---|---|---|
| ૧. | જયકુમાર ચંદુલાલ શાહ | આસજોલ |

**● સંઘપૂજનના લાભાર્થી ●**

| | | |
|---|---|---|
| ૨. | પંકજ વિસાભાઈ શાહ | લાંઘણજ |

**● સહાયક દાતશ્રીઓ ●**

| | | |
|---|---|---|
| ૩. | અંકિત સુરેશભાઈ શાહ | લીંચ |
| ૪. | ભરતભાઈ ગગલદાસ શાહ | કંથરાવી |
| ૫. | છનાલાલ જેંસિંગલાલ શાહ | મહેસાણા |
| ૬. | ડૉ. દિનુભાઈ મંગળદાસ શાહ | છઠીયારડા |
| ૭. | ડૉ. વિનોદચંદ્ર કેશવલાલ શાહ | લીંચ |
| ૮. | મણિલાલ મંછારામ શાહ (અન્નપૂર્ણા હિંગવાળા) | કૈયલ |
| ૯. | નટવરલાલ ખુશાલદાસ શાહ | મોટીદાઉ |
| ૧૦. | નટવરલાલ અંબાલાલ શાહ | લણવા |
| ૧૧. | પરસોત્તમદાસ વાડીલાલ શાહ | લીંચ |
| ૧૨. | વિજયકુમાર કાંતીલાલ શાહ | ચાણસ્મા |

**● શુભેચ્છક દાતાશ્રીઓ ●**

| | | |
|---|---|---|
| ૧૩. | અમૃતલાલ કસ્તુરચંદ્ર શાહ | ધિણોજ |
| ૧૪. | બચુભાઈ ફકીરચંદ શાહ | ધોળાસણ |
| ૧૫. | ચંપકલાલ સાંકળચંદ શાહ | કેલીયાવાસણા |
| ૧૬. | ચંદ્રકાંત તારાચંદ શાહ | મોટીદાઉ |
| ૧૭. | ધુળીદાસ વિરચંદ શાહ | લીંચ |
| ૧૮. | કાંતીલાલ જેસીંગલાલ મહેતા | બોરીયાવી |
| ૧૯. | કપુરભાઈ રતીલાલ શાહ | લીંચ |
| ૨૦. | સ્વ. ફકીરચંદ નાથાલાલ શાહ | કેલીયાવાસણા |
| ૨૧. | મંગળદાસ કસ્તુરચંદ શાહ | ધિણોજ |
| ૨૨. | પૂનમચંદ શિવલાલ શાહ | લીંચ |
| ૨૩. | સુબોધભાઈ માનચંદ શાહ | ધોળાસણ |
| ૨૪. | બાબુલાલ દલસુખરામ શાહ | કૈયલ |
| ૨૫. | રસીકલાલ શિવલાલ શાહ | લીંચ |
| ૨૬. | બાબુલાલ અંબાલાલ શાહ | લણવા |
| ૨૭. | ભરતભાઈ ખેમચંદ શાહ | કૈયલ |
| ૨૮. | ભાવિન સેવંતિલાલ શાહ | હારીજ |
| ૨૯. | ચંદનબેન હરગોવનદાસ મણિયાર | મહેસાણા |
| ૩૦. | દિલિપકુમાર ચંદુલાલ મહેતા | છઠીયારડા |
| ૩૧. | ડૉ. નવિન સુંદરલાલ શાહ | અંબાસણ |
| ૩૨. | હરકીશન બચુભાઈ મણિયાર | મહેસાણા |
| ૩૩. | ઈશ્વરભાઈ પનાલાલ શાહ | વડાવલી |
| ૩૪. | જયસુખલાલ ફકીરચંદ શાહ | ધોળાસણ |
| ૩૫. | કાંતીલાલ ડાહ્યાલાલ મહેતા | નાવલી |
| ૩૬. | સ્વ. શકરીબેન અમૃતલાલ શાહ | કૈયલ |
| ૩૭. | સ્વ. હરગોવનદાસ ખોડીદાસ શાહ | મોઢેરા |
| ૩૮. | સ્વ. વિમલભાઈ દલસુખભાઈ શાહ | કૈયલ |
| ૩૯. | નીતીનભાઈ શાંતિલાલ મણિયાર | મહેસાણા |
| ૪૦. | પનાલાલ પોપટલાલ શાહ | ધોળાસણ |
| ૪૧. | પંકજકુમાર વીસાભાઈ શાહ | લાંઘણજ |
| ૪૨. | પૂનમચંદ શકરચંદ મહેતા | મહેસાણા |
| ૪૩. | પ્રવિણભાઈ જેસીંગલાલ શાહ | ચાણસ્મા |
| ૪૪. | સમીર પ્રવિણચંદ્ર શાહ | પાંચોટ |
| ૪૫. | શાંતિલાલ દલસુખરામ શાહ | સામેત્રા |
| ૪૬. | શશીકાંત કેશવલાલ શાહ | ધોળાસણ |
| ૪૭. | સુમતીલાલ રતીલાલ શાહ પરિવાર | ધોળાસણ |
| ૪૮. | વિનોદભાઈ જેસીંગલાલ શાહ | ચાણસ્મા |
| ૪૯. | ચંપકલાલ કેશવલાલ શાહ | લાંઘણજ |

## આપણા સમાજનાં યુવાન આચાર્ય ભગવંત પ.પૂ. નરરત્ન સૂરીશ્વરજી મ. સા. નો ચાર્તુમાસ પ્રવેશ

આપણા ૧૦૮ના સમાજના યુવાન આચાર્યદેવ શ્રીમદ્ પ.પૂ. નરરત્નસૂરીશ્વરજી કે જેઓ પ્રાતઃ સ્મર્ણીય પ.પૂ. બાપજી મ.સા.ના શીષ્યરત્ન પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ ભદ્રંકર સૂરીશ્વરજી મ.સા.ના શીષ્ય છે. તેઓશ્રીનો ચાર્તુમાસ પ્રવેશ મહેસાણા મુકામે ઉપનગર જૈન સંઘમાં અષાઢ સુદ-૭ને રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ના દિવસે બપોરે ૧૨-૩૯ કલાકે વિશાળ ચતુર્વિધ સંઘ સાથે હર્ષોલ્લાસ સાથે પૂર્ણ થયેલ. અંદાજે ૩૫૦૦ શ્રાવક-શ્રાવિકાની હાજરી સાથે સામૈયાની શરૂઆત થઈ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સાથેનું સામૈયું દર્શનીય હતું. પ.પૂ. આચાર્ય દેવ શ્રી નરરત્ન સૂરીશ્વરજી, શ્રી મૂની કૃપારત્નવિજય, શ્રી ઉદયરત્નવિજય, શ્રી અક્ષયરત્નવિજય, શ્રી આગમરત્ન વિજય, શ્રી રૂજુરત્નવિજય તેમજ બાળમૂની શ્રી મંત્રરત્ન વિજય આદી સાધુ તથા પ.પૂ. સાધ્વીજી ભગવંત યશોવર્ધનાશ્રીજી તથા તેમના સાધ્વીજી સમૂદાય સાથે, વાજતે ગાજતે ચાર્તુમાસ પ્રવેશ થયો. પ.પૂ. સાધ્વીજી ભગવંત યશોવર્ધનાશ્રીજી પણ મહેસાણા ઉપનગર જૈન સંઘમાં ચાતુર્માસની આરાધના માટે બિરાજમાન છે.

આચાર્યદેવ શ્રીમદ્ ભદ્રંકરસૂરીશ્વરજી ના ફોટા સાથે શણગારેલ બગી, ૪૦ થી ૫૦ નાની બાલીકાઓ કે બેડાં સાથે હતી, નૃત્ય કરતાં નાના-નાના બાળકો તથા દાંડીયા રમતાં યુવાનો જોઈને, ૯૯ વર્ષનાં આચાર્યદેવ ભદ્રંકરસૂરીશ્વરજી મા.સા.ની છબી નજર સમક્ષ આવી ગઈ.

અમદાવાદ-સુરત-મુંબઈ-ડીસા-નવસારી-લીંચ-ધીણોજ જેવાં બીજા અનેક ગામોથી આવેલા મહેમાનો, તથા શ્રી મહેસાણા જૈન સંઘના ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓનો ભક્તિભાવ આંખે ઉડીને વળગે તેવો હતો. પૂજ્યશ્રીના પ્રવેશ બાદ સાધર્મીક ભક્તિનો લાભ મહેસાણા સ્થિત ૧૦૮ના સમાજના ભાઈઓએ લીધેલ હતો. ખૂબ અનૂમોદના..

પ.પૂ. આચાર્યદેવ નરરત્નસૂરીશ્વરજી મા.સા. અત્યારે મહેસાણા ઉપનગર જૈન સંઘના ઉપાશ્રયમાં બિરાજમાન છે. જ્યાં દરરોજ સવારે ૭-૪૫ થી ૮-૪૫ યોગબિંદુ ગ્રંથ ઉપર પ્રવચન ધારા ચાલી રહી છે. દશેરાથી ધીણોજ મુકામે પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન તપનો પ્રારંભ થવાની શક્યતા છે. જોડાવા ઈચ્છતાં ભાવુકોએ ૧૦૮ સમાજના કમીટી મેમ્બરનો સંપર્ક કરવો.

પૂજ્યશ્રીના વંદન-દર્શન આદિનો લાભ લેવા વિનંતી...

## સમાજનું ગૌરવ

**● આપણા સમાજનાં ધોરણ ૩ માં નિર્માણ સ્કૂલમાં અભ્યાસ કરાતા નિખાર વી. શાહ નેશનલ મેથ્સ ઓલ્મ્પીકમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. તો સમાજ વતી તેમને અભિનંદન.**

**● આપણા સમાજનાં શ્રી દિનેશભાઈ મફતલાલ શાહ (પાંચોટ) મહેસાણાની અગ્રણી બેંક સર્વોદય બેંકનાં વાઈસ ચેરમેન તરીકે ચુંટાઈને આવેલ છે. તે બદલ તેમને અભિનંદન.**

**● આપણા સમાજના ડો. નવીન એસ. શાહ (અંબાસણ)ને એસોસીએશન ઓફ ઓરલ એન્ડ મેક્ઝીલો ફેસીયલ સર્જનસ ઓફ ઈંડીયાની જુન-૨૦૧૦ નવી મુંબઈ ખાતે ૧૪મી રાષ્ટ્રીય કોન્ફરન્સમાં Scientific Session ના Chairman તરીકે પસંદગી પામેલ**

**● આપણા સમાજના સભ્યશ્રી વિરેન્દ્રભાઈ મંગળદાસ શાહ (ધીણોજ) ની સુપુત્રી ચિ. મુદ્રા વિરેન્દ્રભાઈ શાહ B.E. Computer - Guj. Uni. માં આઠમો નંબર પ્રાપ્ત કરેલ છે. મંડળ વતી અભિનંદન**

વડસ્મા નગરે આદિ પ્રાચીન શ્રી અજીતનાથ પ્રભુનું જિનાલય છે.જેમાં સંપ્રતિ રાજાના સમયના શ્રી અજીતનાથ પ્રભુ મૂળનાયક તરીકે બીરાજમાન છે. તે દેરાસરમાં અખંડ દિપકમાંથી કેસરવર્ણી જ્યોત ગજલક્ષ્મી માતાજીના પટ નિર્માણ બાદ છેલ્લા એક માસથી "અખંડ દિપકમાંથી કેસરવર્ણી જ્યોત" ના દર્શન થાય છે. જેનો લાભ અનેક દર્શનાર્થીઓ લઈ રહ્યા છે.

## નુતન ગૃહ પ્રવેશ

**(૧) વિમલ પાનાચંદ મહેતા (લીંચ)**
૬૦૨, સૃષ્ટી એપાર્ટમેન્ટ, સંજીવની હૉસ્પિટલની બાજુમાં, જૈનનગર, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭
ફોન નં.: ૨૬૬૦૮૦૭૩

**(૨) ચીનુભાઈ શીવલાલ શાહ (સુરજ)**
મો. નં. ૯૭૨૬૯૯૫૫૪૮

**(૩) મૌલીન ચીનુભાઈ શાહ (સુરજ)**
મો. નં. ૯૬૩૮૯૭૨૨૮૯
એ–૨૦૪, સિધ્ધચક્ર એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપની સામે, સાબરમતી, અમદાવાદ–૩૮૦૦૦૫
ટે. નં. ૨૭૫૦૮૦૯૬

**(૪) ભરતભાઈ ખેમચંદ શાહ (કૈયલ)**
મો. : ૯૩૭૪૯૦૯૪૦૭

**(૫) ભાવેશકુમાર ભરતભાઈ શાહ (કૈયલ)**
મો નં. : ૯૮૨૫૬૨૭૯૧૮
બી–૧, કુંથુનાથ સોસાયટી, ૫, ગુજરાત સોસાયટી, રેડક્રોસ સોસાયટીની બાજુમાં, સુવિધા શોપીંગ સેન્ટરની ગલીમાં, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭
મો. : ૯૩૭૪૯૦૯૪૦૭

**(૬) જીજ્ઞેશ રમેશચંદ્ર શાહ (રણુંજ)**
બી–૪૦૧, મોક્ષરાજવિલા, સારાંશ પાર્ટી પ્લોટની પાસે, શરણ–૨ની બાજુમાં, ન્યુ વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭
ફો નં. : ૯૪૨૬૦૭૫૦૪૪, ૯૪૨૮૫૨૦૮૨૧

## શોક સમાચાર

| | |
|---|---|
| (૧) રમણલાલ કેશવલાલ શાહ | (વડસ્મા) |
| (૨) ધનેશભાઈ જયસુખલાલ શાહ | (ધોળાસણ) |
| (૩) નવીનચંદ્ર રમણલાલ શાહ | (ચાણસ્મા) |
| (૪) પ્રવિણભાઈ હરગોવનદાસ શાહ | (લીંચ) |
| (૫) કાન્તાબેન વ્રજલાલ શાહ | (કંથરાવી) |

## Wel-Come to 108 Samaj

**(૧) નીગમ રમેશચંદ્ર જયંતીલાલ શાહ (ચાણસ્મા)**
એ/૫૪, સ્કાયલાર્ક એપાર્ટમેન્ટ, ઠાકરસી હૉસ્પિટલની બાજુમાં, સેટેલાઈટ, અમદાવાદ–૩૮૦૦૧૫.
ફોન નં. : ૯૮૨૪૦૦૬૬૧૯,૯૩૭૬૧૭૧૩૪૩

**(૨) અતુલકુમાર મફતલાલ વોરા (કંથરાવી)**
સી/૨૯/૩૬૮, કૃષ્ણનગર, સૈજપુર, નરોડા, અમદાવાદ.
મો. નં. : ૯૬૨૪૯૩૨૦૪૬,૯૪૨૭૦૪૦૨૧૩

**(૩) સંકેત રમેશકુમાર શાહ (કેલીયા વાસણા)**
સી/૮, શંખેશ્વર એપાર્ટમેન્ટ, કબીરચોક, સાબરમતી, અમદાવાદ–૩૮૦૦૦૫ ફોન નં. : ૨૭૫૦૯૫૧૯, ઓફીસ–૨૨૧૭૪૫૧૩, મો. ૯૮૨૪૫૨૦૭૦૬

**(૪) દર્શન કીરીટભાઈ શાહ (કેલીયા વાસણા)**
૯, અમીનગર કો.ઓ. સોસાયટી, કેશવબાગ, રામનગર, સાબરમતી, અમદાવાદ–૩૮૦૦૧૫.
ફોન નં. :–૨૭૫૦૯૨૪૦ ઓફીસ :– ૨૨૧૧૦૬૯૯
મોબાઈલ નં. ૯૮૨૪૦૩૪૬૩૮

## નવા સંપર્ક સેતુ

(૧) સેવંતીલાલ અંબાલાલ શાહ (લણવા)
મો.નં. : ૯૯૯૮૦૦૬૩૯૪

(૨) જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ (નંદાસણ)
મો. નં. ૯૯૨૫૧૭૧૬૦૨, ૯૩૭૬૧૧૨૫૮૬

(૩) ચેતન મનસુખલાલ શાહ (ધોળાસણ)
મો. : ૯૪૨૮૫૯૯૨૧૫

(૪) ચેતન જગદીશચંદ્ર શાહ (કંથરાવી)
મો. : ૯૮૯૮૦૪૯૯૭૦

(૫) અજીત ચીનુભાઈ શાહ (ધીણોજ)
મો. : ૯૪૨૬૬૧૪૫૭૩

(૬) ઉમંગ મહેન્દ્રભાઈ મહેતા (લીંચ)
મો. : ૯૮૨૫૦૧૧૦૩૪

### ● નોંધ ●

● ગત અંકમાં છાપેલ ફોર્મ જે પણ સભ્યને સમાજ તરફથી સહયોગની જરૂર હોય તેમણેજ આ ફોર્મ સ્વચ્છ અક્ષરમાં ભરી મંત્રીશ્રી સી. ટી. શાહના ત્યાં પહોચતું કરવું.

● ગ્રુપ મેડીકલ યોજનામાં કોઈપણ જાતની પૂછપરછ માટે સમાજના કમીટી સભ્યશ્રી વિરલ લાલભાઈ શાહ (ધીણોજ) મો.નં. : ૯૮૨૫૧૩૫૪૪૬, ૯૪૨૭૮૦૦૧૨૦ અથવા શ્રી સમીરભાઈ પી. શાહ (પાંચોટ) મો. નં. ૯૮૨૫૦૨૭૮૮૭ ઉપર સંપર્ક કરવો.

# વિવિધ વાનગીઓ

**આ વખતના અંકથી આપણે આપણા સમાજની બહેનોને મદદરૂપ થાય તેમજ તેઓ પોતાની આવડત અને વિવિધ વાનગીઓની જાણકારી સમાજની બીજી બહેનોને પીરસે તે હેતુથી આ કોલમ ચાલુ કરવામાં આવ્યુ છે.**

## • એગલેસ ચોકલેટ સ્પન્જ કેક

**સામગ્રી :**

૧૭૦ ગ્રામ મેંદો,
૧૭૦ ગ્રામ ખાંડ દળેલી,
૧૭૦ ગ્રામ માખણ,
૨ ટેબલ સ્પૂન કોકો પાવડર,
૩/૪ ટી સ્પૂન બેકિંગ પાવડર,
૩/૪ ટી સ્પન ખાવાનો સોડા,
૧ ટેબલસ્પૂન દહીં,
૧/૨ ટી સ્પૂન વેનિલા એસેન્સ,
૧/૨ કપ દૂધ,
૧/૨ કપ પીવાની સાદી સોડા

રીત :– ઓવનને ૧૮૦ ડિગ્રી પર પ્રી હીટ કરવા મૂકો તે થાય ત્યાં સુધીમાં કેકનું બેટર તૈયાર કરી લો.

સૌપ્રથમ એક પહોળા વાસણમાં મેંદો, કોકો પાવડર, બેકીંગ પાવડર અને ખાવાનો સોડા એક સાથે ભેરવીને મેંદાની ચાળણીથી ચાળી લો.

બીજા એક વાસણમાં માખણ, દળેલી ખાંડ અને વેનીલા એન્સેસ મેળવીને એકદમ ફેંટી નાખો સારી રીતે મીક્ષ થઈ જાય એટલે તેમા દહીં અને દૂધ ભેળવી લો. હવે એમા ધીમે ધીમે મેંદો, કોકો પાવડર, બેકીંગ પાવડર અને ખાવાનો સોડા જે મીક્ષ કરીને રાખેલો હતો તેવુ ઉમેરો અને ઝડપથી એકજ દિશામાં હલાવતા રહો છેલ્લે પીવાની સોડા ઉમેરો અને ઘટ બેટર તૈયાર કરી લો.

હવે, કેક બનાવવા માટે જે વાસણનો ઉપયોગ કરવાના હો તેમા થોડુ ઘી ચોપડીને લોટ છાંટીને ફેલાવી લો અને વધેલો લોટ ખંખેરી નાખો. હવે, આ વાસણમાં તૈયાર કરેલુ બેટર પાથરી દો થોડું ઠપકારીને સમતલ કરી લો. ગરમ થયેલા ઓવનમાં આ વાસણ કન્વેક્સન મોડમાં ૩૦ મીનિટ સુધી મુકો, ૩૦ મીનિટ પૂરી થયા બાદ કેકમાં ઉંડે સુધી પાતળુ ચપ્પુ નાંખીને તે બરાબર ચઢી ગઈ છે કે નહી તે ચેક કરો જો બરાબર ચઢી ગઈ હશે તો ચપ્પુ બહાર કાઢતા એકદમ ચોખ્ખુ રહેશે. જો કાચી લાગે તો ફરી પાંચ થી છ મીનીટ માટે ઓવનમાં કન્વેક્સન પર મૂકો.

કેક થોડી ઠંડી પડે એટલે તેને બહાર કાઢીને પાતળુ કપડું ઢાંકીને એકાદ કલાક રહેવા દો. ત્યારપછી તેના પર આઈસીંગ કરો.

## • મકાઈની ખાંડવી

**સામગ્રી :**

દહીંવડી માટે,
ચણાનો લોટ ૧ કપ,
છાસ પાતળી ૨–૧/૨ થી ૨–૩/૪,
મીઠુ પ્રમાણસર,
હળદર ૧/૨ ટી સ્પૂન,
હિંગ એક ચપટી,

વઘાર માટે :
તેલ ૧ ટેબલ સ્પૂન
રાઈ ૧/૨ ટી સ્પૂન
હિંગ એક ચપટી,
તલ એક ટી સ્પૂન,
સૂકા આખા મરચા ૩,

સ્ટફીંગ માટે :
કોર્નસ્ટફડ કેપ્સીકમ ઈન ટોમેટો ગ્રેવી, સ્ટફીંગ મુજબ તૈયાર કરવું
ટોમેટો કેચપ ૧/૪ કપ,
કોથમીર,
કોપરુ

રીત :– એક તપેલીમાં દહીવડી માટેની બધી ચીજો ભેગી કરીને ગેસ પર મૂકવુ, તાપ મધ્યમ રાખવો, સતત હલાવવુ બરોબર ઘટ્ટ થાય એટલે નીચે ઉતારી લેવુ. બે થાળીની પાછળની બાજૂએ જરા તેલ લગાડવુ. બેસનનું મિશ્રણ બન્ને થાળી ઉપર અડધુ અડધુ પાથરવુ. અડધા કલાક પછી પાથરેલી દહીંવડી ઉપર જરા કેચઅપ લગાડવો તેના ઉપર મકાઈનું પૂરણ પાથરવુ થોડી કોથમીર તથા થોડુ કોપરુ ભભરાવવા કિનારીનો થોડો ભાગ ખાલી રાખવો થાળી ઉપર કાપા પાડવા. પૂરણ પાથરેલા ભાગથી શરૂ કરી વિટા વાળવા, તેના ટૂકડા કાપી ડીસમાં ગોઠવવા.

તેલ ગરમ મૂકી આખા મરચા, રાઈ, તલ તથા હિંગનો વઘાર કરી દહીંવડી ઉપર રેડવુ, કોથમીર અને કોપરુ ઉપરથી ભભરાવવું.

---

**સમાજની જે બહેનો પોતાની આવડતી વિવિધ વાનગીઓ અંકમાં પ્રકાશિત કરવા માંગતી હોય તેઓએ પોતાની વાનગી નામ, સભ્યનું નામ અને ગામનું નામ લખી નીચેના સરનામે મોકલી આપવું.**

**વિરલ લાલભાઈ શાહ (ધીણોજ)**

**૬, સુરાવલી ફ્લેટ, ૩૩, જૈનનગર, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**

# મંત્રીશ્રીના મેજથી

સુજ્ઞ જ્ઞાતિજનો,

વિશાળ ફલક ઉપર વિચાર કરતાં જણાય છે કે, સમાજની સમૃદ્ધિનો આધાર વિચારશીલતા ઉપર રહેલો છે. સમગ્ર રાષ્ટ્રની વસ્તીના પ્રમાણમાં જૈનો મુઠીભર છે છતાંય સમૃદ્ધિ પ્રમાણ સારી છે, સમાજ પ્રગતિશીલ છે કારણ વૈચારિક પ્રબળતા અને ધર્મ સંસ્કારોનું સિંચન, ધર્મના સંસ્કાર સારા હશે તો સમાજ પ્રગતિશીલ હશે. સમાજમાં ભાઈચારો, બીજાને ઉપયોગી થવાની વૃતિ આખા સમાજને ઉંચે લાવે છે.

સમાજમાં દરેક વ્યક્તિનું સ્તર સમાન નથી હોતુ હોઈપણ ન શકે, આપણા સમાજમાંથી જે કોઈ સભ્યને જે તે ક્ષેત્રમાં સહયોગ જરૂર હોય, અહી હું મદદ શબ્દનો પ્રયોગ એટલા જ માટે નથી કરતો કેમ કે દરેક વ્યક્તિને પોતાનું સ્વમાન અને ગૌરવ હોય છે. વ્યક્તિની ગરીમાને ઠેસ ન પહોંચે તે રીતે તેને સહયોગ આપવો એવું માનું છું ખાસ તો શ્રી ૧૦૮ સમાજ – મુંબઈના ઉપક્રમે મેડીક્લેમનું આયોજન વિચારવામાં આવ્યું છે તે સર્વરીતે આવકારને પાત્ર છે જે તે સભ્યને આ બાબતે માર્ગદર્શનની જરૂર હોય તેમણે કારોબારી યુવાસભ્ય શ્રી વિરલ શાહ તથા સમીર શાહનો સંપર્ક કરવો. આ ક્ષેત્ર થયું સ્વાસ્થયનું તે જ રીતે જેઓને કેળવણી ક્ષેત્રે કોઈ સહયોગની જરૂર હોય તેમણે પણ અમારો સંપર્ક કરવો આ સહયોગ ફક્ત આર્થિક એમ નહીં પરંતુ શૈક્ષણિક માર્ગદર્શન પણ સમજવું આ માટે આપણે ધો. ૧૦ અન ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટેનો એક સેમીનાર નોલેજ એકેડેમીમાં ત્રણેક મહિના પહેલાં યોજેલ ધણા વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધેલ પરંતુ એનાથીયે વિશેષ વિદ્યાર્થીઓને આપણા પ્રમુખશ્રી બી.એમ. શાહના આ ક્ષેત્રમાં બહોળા અનુભવને કારણે મૂલ્યવાન માહિતી આપી શકે તેવા વ્યાખ્યાતાઆનો લાભ પણ મળ્યો.

હમણાં ન્યુઝ–પેપરનાં વાંચવામાં આવ્યું કે અમેરીકાના ૪૦ અબજોપતિ ધનકુબેરોએ પોતાની અડધી સંપત્તિ સમાજ માટે દાનમાં આપવાની છે સાથે સાથે અગાઉમેં જણાવ્યું તેમ કોઈના પણ સ્વમાનને ઠેસ ન પહોંચે તે રીતે તેને સહયોગ આપવો, આવ સહયોગીઓમાં દાન આપનારને સલામ કરવાનું મન થાય છે તો હું એ પણ જણાવું કે આપણા સમાજમાંથી સહયોગ લેનારાઓએ પણ પોતાની જે આવશ્યકતા હતી તેની જરૂર ન રહીતો નમ્રતાપૂર્વક ન લેવાનો અભિગમ જરૂર દાખવ્યો છે. આવા સભ્યો પણ આદરને પાત્ર છે.

ટૂંકમાં સમાજના સૌ સભ્યો તન મન અને ધનથી સમાજને સહયોગ આપે એવું મારૂ નમ્ર સૂચન છે.

અંતમાં આ અંકમાં વિગતવાર માહિતી આપી છે જેમાં તપસ્વી બહુમાન અને પારણાંનું જે આયોજન વિચાર્યું છે તેનો પણ સહુ લાભ લે એ જ અભ્યર્થના.

ખાસ સૂચન કરવાનું કે સૌ સભ્યોને કોઈ કાર્યક્રમ બાબતે જાણ કરવામાં લેખિત પરિપત્ર મોકલવાનું મોંઘુ પડે છે. તો આપણા એસ.એમ.એસ. દ્વારા જાણ કરીએ છીએ તો ૧૦૮ સમાજ તરફથી મળતા એસ.એમ.એસ. લક્ષમાં લઈ અમલ કરશો. જો આપનો મોબાઈલ સમાજના લીસ્ટમાં રજીસ્ટર ન થયો હોય તો કારોબારી સભ્ય સૌરભ શાહને રજીસ્ટર કરાવવાનું ચૂકશો નહી. મોબાઈલ નંબરમાં ફેરફાર થયો હોય તો પણ સૌરભ શાહને જાણ કરશો.

આ અંકમાં અન્ય સ્થળે નવા ચૂંટાયેલા કારોબારી સભ્યોના નામ આપેલ છે તે સહુને ઉમળકાભેર આવકારું છું.

## પર્સનાલીટી ડેવલપમેન્ટ –સોફ્ટ સ્કીલ માટેના લેક્ચર્સ સીરીઝનું આયોજન

વર્તમાન સમયમાં સફળતા માટે ડિગ્રી ઉપરાંત સોફ્ટ સ્કીલ કે પર્સનાલીટી ખૂબજ અગત્યનો ભાગ હોય છે. ઘણા યુવક–યુવતીઓ આવા કોર્ષ ખૂબજ ઊંચી ફી ચૂકવીને જોઈન્ટ કરતા હોય છે. આપણા સમાજના યુવક–યુવતી (ધો.–૧૨ પાસથી વધારે)માટે મંડળે કોઈપણ પ્રકારની ફી વગર આવા લેક્ચર સીરીઝનું આયોજન કરેલ છે. જેમાં

- Effective Communication
- Setting Goals
- Listening Skills
- Time Management
- Handling Interviews
- Body Gestures
- Presentation Skills

જેવા વિષયો ઉપર તેના નિષ્ણાંત લેક્ચર આપશે.

- આ ચાર લેક્ચર્સની સીરીઝ રવિવારે ૯–૩૦ થી ૧૧–૩૦ના સમયમાં રાખવામાં આવશે.
- લેક્ચર્સની સંભવિત તારીખ ૧૯/૯,૨૬/૯,૩/૧૦ અને ૧૦/૧૦ રહેશે.
- કોર્ષ માટે કોઈ ફી રાખવામાં આવી નથી પરંતુ રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

વધુ માહિતી માટે તથા રજીસ્ટ્રેશન માટે ડૉ. કેતન શાહનો સંપર્ક કરવો.

ફોન : ૨૬૪૩૦૧૩૫(બપોરે ૨ થી રાત્રે ૮ સુધીમાં)

રજીસ્ટ્રેશન કરાવતી વખતે મોબાઈલ નંબર લખવો જરૂરી છે. આનુ કન્ફોરમેશન, તારીખ તેમજ સમય SMS દ્વારા જણાવવામાં આવશે.